સોકયનું સાલ.

ગોકળદાસ ઠારજીએ પોતાની અઢારવર્ષની ઉમ્મરમાં
ચૌદ વર્ષની પોતાની જમના નામની સ્ત્રી ઉપર
વિના કારણે આણવા ધારેલું તે વિશે.

(કવિતામાં)

ભાગ ૨ જો.

દોહરો.

કુમતિ જાય કાકાની કદિ? શત સાધુને સંગ;
મુંજ બોળ્યો ગંગા વિષે, જેમ તાણે ત્યમ તંગ. ૧

મુંબઈ

આર્યમંડળ છાપખાનામાં જયશંકર સર્વેશ્વરે છાપ્યુંછે.

સન ૧૮૭૫.

સંવત ૧૯૩૧.

કિમ્મત ૦।=

સોકયનું સાલ.

ઠા૦ ગોકળદાસ કોરજીએ પોતાની અઢાર વર્ષની ઉમ્મરમાં
ચૌદ વર્ષની પોતાની જમનાં નામની સ્ત્રી ઉપર
વિના કારણે આણવા ધારેલું તે વિશે.

(કવિતામાં)

ભાગ ૨ જો.

દોહરો.

કુમતિ જાય કાકાની કહિ? શત સાધૂને સંગ;
મુંજ બોળ્યો ગંગા વિષે, જયમ તાણે ત્યમ તંગ. ૧

મુંબઈ

આર્યમંડળ છાપખાનામાં જયશંકર સર્વેશ્વરે છાપ્યુંછે.

સન ૧૮૭૫.
સંવત ૧૯૩૧

કિમ્મત ૦।—

પ્રસ્તાવના.

આ ચોપડીનો પેહેલો ભાગ નિકળ્યા પછી, આ કજીઓ આગળ ચાલ્યો, તેની સવિસ્તર હકીકત બાહાર પાડવાના વિચારે આ બીજો ભાગ તૈયાર થઈ ટમટમીજ રહ્યો હતો. પરંતુ કેટલાંએક કારણોને લીધે અને વધારે હકિકતો સહિત બાહાર પડવાના વિચારે ધૈર્યતા ધારણ કરી બેઠો હતો. હવે વિશેષ હકીકત લઇ રૂપકલખાણના અલંકાર પ્હેરી સર્વને ખુશી કરવા બ્હાર પડે છે. આશા છે કે પ્રતિપક્ષિઓ પણ આ રૂપાળા ભાગનો અનાદર નહિં કરશે; કારણ તેમના મદજ્વરને ગુણકારક એળીયા જેવોછે. પીતાં કમકમીઓ આવશે; પરંતુ પીધા સિવાય મદજ્વરનો નાશ થવાનો નથી. સજ્જનોનો આ બીજો ભાગ વિદૂષકરૂપ છે. તેથી તેઓ પણ તેને આદર સહિત પાસે રાખશે. ભાઇ ગોકળદાસ અને ખંબાળીયાના ઠક્કર ધના ભાઇ! તમારી જડતા વેલીને થડથી કાપનાર આ બીજો ભાગ છરી છે. માટે તમે પણ પાઘડીમાં ખોશી રાખજો. પ્રસ્તાવના દાખલ આટલુંજ લખવું બસ છે.

કરસનદાસ પોતાની પુત્રિના દુખનો વિચાર કરેછે.

દોહરા

આસૂ સમરથ છે ઘણી, પતિનો ઉતર્યો પ્રેમ;
તેથી મુજ તનુજા ત્યહાં, ખરે રહે કયમ ક્ષેમ. ૧
દિન દિન કાયા દુરબળી, નવાં નવાં દુખ નેટ;
સુતા સલક્ષણિની હવે, થશે કોદિને ભેટ? ૨
દિવસે દિલ ગોઠે નહીં, ભોજનપર નથિ ભાવ;
નાવે નિંદ્રા નિશિવિષે, બહુધા કુડે બનાવ. ૩
અધિરો મારો આતમા, અતિશે બનિયો આજ;
મુખ ક્યારે ન્યાળિશ હવે, હે પ્રભુ ગરિબનિવાજ? ૪
એકાન્તે એવી રિતે, અંતર કરસનદાસ;
કરે શોચ બહુ કારમો, અતિશે બની ઉદાસ. ૫
આવ્યાં ત્યાંતો એટલે, બહુ ગુણિયલ નિજ બેન;
મળવાને મૂળીબઇ, વદે વીરપ્રતિ વેણ. ૬
કેમ ભાઇ કરમાણું મુખ, શો અંતરમાં શોચ?
કહે સરવ તે તું મને, સર્વ તજી સંકોચ. ૭

માંડિ વાત કહિ મૂળિને, નયણે આણી નીર;
શું કરતિ હશે સલક્ષણી?, પુત્રિ મારિ મતિધીર. ૮

મુવાં અરે માબાપ કહિ, સહસ્ત્રધા દઇ શ્રાપ;
દુખે દિવસ કાઢતિ હશે, એ મુજને પરિતાપ. ૯

ક્યારે મુખ જોઉં કાલિનું, દુસહ વિરહ કરૂં દૂર;
સુખ દુખની વાતો કરી, ઉજમ પમાડું ઊર. ૧૦

કહે બેન નિજ બંધુને, એ તું શોચ સહુ ટાળ;
જઉં જમનાંને તેડવા, કોડે પ્રાતઃકાળ. ૧૧

મહાજને લખિ મોકલ્યો, કાગળ આગળથીજ;
"મોકલિ દેજો માનુની, પિયરવિષે ધરિ રીઝ" ૧૨

એવું મુળિબઇ ઓચરી, બંધવને કરિ શાન્ત;
સત્વર સોંઢિ સવારમાં, સમરી મન શ્રીકાન્ત. ૧૩

આવી થોડા દિવસમાં, વિરવાડે અતિ વેગ;
મળતાં ફોઇ ભત્રિજી, રડી પડયાં ત્યાં છેક. ૧૪

આંસુ લુએ અન્યોન્યનાં, વદાય નહિં મુખવેણ;
પ્રિય સગુ મળતાં પ્રેમથી, નિરે ભરાયાં નેણ. ૧૫

હૃદય ચાંપિ બહુ હેતથી, જમનાંને તે વાર;
તોય ડાહિ ડુસકાં ભરે, દુખ સંભારિ અપાર. ૧૬

જમનાં પોતાના માબાપની ખબર પુછેછે.

પૂછે પછિ આતુર થઈ, "કુશળ ક્ષેમ માબાપ?"
"શિદ સંભાળ લિયે હવે, પૂર્ણ મેળવી પાપ." ૧૭
"માયાળૂ માબાપ તે, કરયું કાળજૂ કઠોર;"
"દોષજ મારા દૈવનો, ચાલે ત્યાં કશું જોર." ૧૮
"સંભારે છે કે મને, મમતાળૂ મુજ માત?"
"પ્રેમ પિતાનો કેમછે. વિસ્તારો કહો વાત." ૧૯

મુળીબાઈ બધી ખબર કહીને તેને શાન્ત કરેછે.

"શિદ અંતરમાં આવડૂ, ઓછું લાવછ આજ"
"તુજ દુખ સુણિ માબાપને, નથિ ભાવતું અનાજ. ૨૦
"મને તેડવા મોકલી, ઠીક કરીને ઠાઠ"
"મુખ વિકાસિ માબાપ તુજ, જોતાં હોશે વાટ." ૨૧
"શું કહું તેમનું આ સમે, દુખ તારે બહુ દુઃખ;"
"સુખ ઘડિ ગણશે તારૂં જવ, મલપતુ જોશે મૂખ." ૨૨

મુળીબાઈના મેળાપથી જમનાં પોતાનો હર્ષ જણાવેછે.

"ફોઇ કહું શું દુખ રોઇને, મારૂં અહિં નહિં કોય;"
"એક અવધપતિરામ વણ, જગત સર્વ ઉલટોય" ૨૩

"થયો જાણું હું તમતણો, મંગળમદ મેળાપ;"
"હમેશ હૈયામાં થતો, તે પ્હેલાં પરિતાપ" ૨૪
"તમ મેળાપે દુખ સહૂ, વિસરી છું આવાર;"
સુભગઅંગ ફરકે ઘણૂ, સ્વાભાવિક સુખકાર." ૨૫

વહુની ફોઈ તેડવા આવ્યાંછે એવું મોંઘીબાઇને જાણ થવું.

વહુની ફોઇ આવિયાં, તેડી જવા જરૂર.
સુણી મોંઘિબઇનું તરત, ઉડી ગયૂં મુખ નૂર. ૨૬
" ના હમણાં નહિં મોકલું", ઠિક મન કરયો ઠરાવ;
એવામાં તો આવિયો, લેવાનો શુભ લાવ. ૨૭
"ગોકળદાસ ગયા કયહાં, તેહ કહો તતકાળ",
"તેડે છે કોરટવિષે, કામદાર આ કાળ" ૨૮
તેડિ ગયા ત્યાં તેમને, જામિન લેવામાટ;
"બિજી વરશો જો બાયડી, દુખનો વળશે દાટ." ૨૯

વિપરામે વહુને પિયર મોકલવા મોંઘીને કહયું.

"વહુ તારીને આ સમે, તેનિ ફોઇ સંગેજ"
"મોકલિ દે" કહ્યું મોંઘિને, સુત માવજીને સ્હેજ. ૩૦
"નહિંતો વળિ લાંબૂ થશે, વરાકુ વાતતણુંજ;
"ફાકટ ફજેત થાશું વળિ, મને કહે મન મૂજ." ૩૧

"નથિ દેતાં દુખ આપણે. તોપણ જગત તમામ;
"અંતરનું ઓળખિ ગયાં, કસાઇ સરખૂં કામ." ૩૨
આપિ રજા આણચાલતે, વીરતણાં સુણિ વેણ;
"વહુ બાપ વ્હેલાં વળી, વળજો" કહિ ભરિ નેણ. ૩૩

જતિ વખત જમનાંને પ્રિયપતિનો વિરહ સાંભરી દુખ થાયછે, "ઈશ્વર એનું રક્ષણ કરજો" એવી સ્તુતી કરેછે.

પ્રિયપતિતણા વિરહ સમે, ગમે ન કશું મનમાય,
દે આશિષ અંતરથકી, જમનાં જુગતે ત્યાંય. ૩૪
મનમોહન મસ્તક ઉપર, નોધારાં આધાર,
પળ પળ રક્ષણ પતિતણું, કરજો મંગળકાર. ૩૫
ઉભય લોચનો અભિનવાં, ત્યાં રક્ષણને કાજ;
વિનવું શશિ રવિ નેહથી, ગુણિયલ ગરિબનિવાજ. ૩૬
નાશીકાએ નરહરી, પાળક જે પ્રલ્હાદ;
તે રક્ષા કરજો ત્રિવિધ, અબળાસ્તુતિ કરિ યાદ. ૩૭
કંઠ કેશવજી તમે, કાળજ બની કૃપાળ,
સાચવજો મમ સ્વામિને, એકે નાવે આળ. ૩૮
હૃદયરામ અભિરામ તમ, રવિકુળકમળ દિનેશ,
વસિને રૂડિ મતિ આપજો, રક્ષણ કરો સુવેષ. ૩૯

સરવ દેવતા સ્હાય થઈ, અબળાસ્તુતિ સુણિ આજ,
નખ શિખ મારા નાથનું, રક્ષણ કરજો રાજ. ૪૦
મહિષાસુરમરદનિ મહા, દેવી દીલ દયાળ,
અંબ ઉગમણા ગોખની, જગમાં ઝાક ઝમાળ. ૪૧
જય દૂર્ગા ચંડી અને, બહુચરિ માત ચતુર,
પરતો પ્રગટજ પૃથ્વિમાં, જય હાજરાહજુર. ૪૨
પાવાની પટરાણિ હે, મહાકાળિકા માત,
મહિમા તારો મેરૂશો, વિશ્વવિષે વિખ્યાત. ૪૩
જય જોગણિયો ચોશઠે, દુષ્ટ વિદારણિ દેવિ,
સાચવજો મમ સ્વામિને, માગું તમને સેવિ. ૪૪
સર્વ દેવ દેવી અને, અભિમત દાતા ઈષ્ટ,
સ્તુતી કરૂં છું સર્વની, વર પામવા અભીષ્ટ. ૪૫
મમ સ્વામી સાસૂતણી, સુધારજો મતિ સર્વ,
ભાગિ નાંખજો ભવવિષે, ગંડક જનનો ગર્વ. ૪૬
એમ અનેક અમરતણી, સ્તુતિ કરિને ફઇ સાથ,
નિકળી જમનાં નેહથી, નિજનો રિઝવી નાથ. ૪૭

મુળીબાઈ સાથે જમનાં બેટમાં આવી ત્યાં રણછોડજીના મંદિરમાં જઈ સ્તુતી કરેછે.

આવ્યાં બને બેટમાં, ધરતાં પ્રભુનું ધ્યાન,

રાજે જ્યાં રણછોડજી, છોગાળો ભગવાન. ૪૮
ચરણ ગોમતિ નીર છે, સ્નાન કર્યે અઘ દુર,
ત્રિવિધ તાપ તનના સમે, ભવમાં મહિમા ભૂર. ૪૯
સ્નાન આવિ કર્યું તેહમાં, સ્નેહુ અપાર સહીત,
શામા પ્હેરી સાડિ શુભ, ગાય ગોમતી ગીત. ૫૦
આવી ત્યાંથી એ સમે, પ્રેમે પ્રભુમંદીર,
સન્મુખ કરજોડી સ્તવે, નયન ભરીને નીર. ૫૧
સામટું સાંભરિ આવિયું, પ્રમદાને દુખ પ્રૌઢ,
સમિપ દ્વારકાંધીશજી, ગોવિંદ ગરૂડારૂઢ. ૫૨
સર્વ વાસના તે સમે, તન મનથી કરિ દૂર,
દ્રઢ ધ્યાને ધ્યાનસ્થ થઈ, ભામનિ ત્યાં ભરપૂર. ૫૩
હ્રદયકમળ આવી વસ્યા, જમનાને તેવાર,
દિવ્યરૂપ રણછોડજી, અધિક તેજ અંબાર. ૫૪
હર્ષઘેલિ થઇ હરિવદનિ, અનુપ રૂપ અવિલોકિ,
દિનકર ઉદયથિ જેમ મન, હર્ષ નિમગ્ન સુકોકિ. ૫૫
વાગે ભણકારા ભલા, દુઃખનિવેદન કાજ,
સુચવે જાણ્યે તે સમે, અબળાને ત્યાં આજ. ૫૬
આસપાસ અવિલોકતી, મૃગશિશુલોચનિ નાર,
કોઈ નથી કહેનાર પણ, વામા કરે વિચાર. ૫૬
સુચવે શ્રી રણછોડજી, "હે માનવિ શું દુઃખ"?

"કર તું નિવેદન કોડથી, શુભ પેરે કરૂં સુખ." ૫૮
"મ્હા દુખિયારૂં માનવી, છે તું કોણજ છેક"?
"મુખાકૃતિથિ મન મારૂં પણ, કહે મને સવિવેક." ૫૯
જમનાં હર્ષાતુર થઈ, કર સંપુટ કરિ બેય,
કરે સ્તુતી કરતારની, વિગત વરણવું તેય. ૬૦

જમનાંની સ્તુતી.

રાગ ઓખાહરણનો ચોપાઈ ત્રિતાળની.

કરે જમનાં સ્તુતી કરજોડ, રાય રૂપાળા શ્રીરણછોડ,
ભકતવત્સળ દીનદયાળ, શેવકજનની લોછો સંભાળ. ૧
અવિનાશી ને અંતરજામી, જય ગોવિંદ ગરૂડાગામી,
પારે આવ્યાંને સુખ પમાડો, બુડતાંને ગ્રહિ બ્હાર કાઢો. ૨
એવી નાથ તમારિ છે ટેવ, દ્વારકાંધીશ દેવાધિદેવ,
ગ્રાહે ગ્રહિને રાખ્યો ગજરાજ, એકે ન હતો ઉગરવા ઈલાજ. ૩
તમને સમર્યા સુહૃદ ગણિ જ્યારે, વેગે નાથ ધાયા ત્યારે વ્હારે,
ધ્રુવ નાનેરૂં બાળ બિચારો, સુખે બેસવાનો નતો વારો. ૪
ઘર ત્યાગી ગયો વનવાસ, મહા મંત્ર જપ્યો અવિનાશ,
દુઃખ ટાળવા તેહનું તર્ત, શામળા આવ્યા એકીશર્ત. ૫
મસ્તક કર મુકિ કરૂણા કરિને, ન્યાળ્યો નિજજન નેત્ર ભરીને,
સુખ આપ્યામાં બાકી ન રાખી, પામ્યો મન ચિંતવ્યું અભિલાખી. ૬

વળી! અમર કર્યો તમે એને, દેવપંક્તિ દિધિ દિવ્ય જેને.
સ્વામી સેવક પ્રહ્લાદ સારૂં, નરસિંહ રૂપે થયા વારૂં. ૭
ઉગ્ર સ્વરૂપ રૌદ્રરસ પૂર, આવ્યાં તે સમે લક્ષ્મિ હજૂર,
શાંત કરવાને ઉગ્ર સ્વરૂપ, તોય ક્રોધ સમ્યો ન જગભૂપ. ૮
શેવક પ્રહ્લાદે સ્તૂતિ કીધી, ઉગ્ર મૂર્તિ અલોપ તો કીધી,
એવું શેવકજનપર વ્હાલ, દયાનિધિ તમે દીનદયાળ. ૯
કરપિને ધન વ્હાલું જેમ, નાથ શેવક તમને તેમ,
અંબરીષ ભલો ભોમિરાય, દુભ્યો દુર્વાષાએ અન્યાય. ૧૦
કોપ્યા દુર્વાષાપર કરૂણાળુ, પુઠે ચક્ર મેલ્યું ધારવાળૂં,
નમાડ્યો નિજજનતણે ચર્ણ, મટ્યું દુર્વાષાનું ત્યારે મર્ણ. ૧૧
શેવકનાં સદા પાળો છો લાડ, પ્રેમ માત્રે માનો છો પાડ,
"મારાથી છે અધિક મારા ભકત," કરિ દેખાડો છો જાણે જકત. ૧૨
અજામેળ પાપી અવશાને, પુત્રનામનારાયણ બ્હાને,
આપી મુક્તિ જે જાચતા જોગી, વિશ્વદુખથી થયો તે વિયોગી. ૧૩
અલ્પ જીવ હું ગુણગાણ વદને, શકુ ગાઇ શું જાણું ન હદને,
નાથ પાન્ડવના પ્રતિપાળ, કૌરવકૂળ નિકંદન કાળ. ૧૪
સુતા એક પથારિએ સ્વામી, અરજુનને તમે અંતર્યામી,
કોણ લાડ પાળે એવાં જનનાં, સ્હાયે થાય છે માન્યાં મનનાં. ૧૫
સદા સેવે છે જન મહામુની, વાત એકે નથી રહેતી ઊણી,
ઘણાં ઘોર સંકટ શેવકનાં, ટાળ્યાં અતિશે કરૂણાજનકનાં. ૧૬

કોઇને ધન ધામ આધાર, કોઇને છે કુટુંબ પરિવાર,
હું સમાં દુખિઆંને આવાર, એક આપતણો છે આધાર. ૧૭
આવી વસિયા મારા ઉરઘરમાં, અજવાળું થયું છે અંતરમાં,
વળી ઘટ ઘટ વ્યાપી છો સ્વામી, અલબેલા અંતરજામી. ૧૮
તમે જાણો છો સૌ જગનાથ, મારા અંતરદુખની વાત,
શું હું વરણવું ત્યારે સ્વામી, પદપંકજ તમના પ્રાણામી. ૧૯
તોય કાલાવાલા થઈ જાએ, મારી અતિશય અજ્ઞાનતાએ;
મારો અધિરો થયો છે આત્મા, સહી દુખ અનેક સર્વાત્મા. ૨૦
સોકયનું સાલ પડવું છે શીર, વાસવવજ્રશુ મુજમનગીરિ;
એ દુખે છું હું અતિશે દુખાળી, પારધીકર જયમ મૃગબાળી. ૨૧
મારા સ્વામિને બહુ સમજાવી, સાસુ સમરથ ઈર્ષા લાવી;
મારૂં વસ્યું ઘરસુત્ર ભંગાવે, અંતરમાં દયા નવ લાવે. ૨૨
એ દુખે મારો જીવ ન જાય, કોની જઇને હું માગું સહાય;
હું છું અબળા અધીરી અતીશે, એ દુઃખે ભવ સુનો દીસે. ૨૩
પ્રેમદાનો પરવશ જનમારો, તેમાં પલટાય જયારે પ્યારો;
પ્રાણવેધક સોકયનું સાલ, સ્હેવા કરતાં ભલો થવો કાળ. ૨૪
તોડી નાખો આયુષ્યની દોરી, નહિં તો આત્મહત્યા મરૂં વ્હોરી:
ભલે નર્કાધિકારણી થાઊં, છુટી દુખથી સુખાણી કેવાઊં. ૨૫
મારાં મમતાળુ માતા નેં તાત, વેદના મારીની સુણિ વાત;
દુખે દુખિયા થઈ કરી સ્હાય. મ્હાજન મેળવિ કરાવ્યો ન્યાય. ૨૬

હતા હરિજન પરઉપકારી. મારી વિકટ વેદના વિચારી:
સમજી ધર્મ મિથ્યામત મરડી, ઠારી અબળાની આંતરડી. ૨૭

અટકાવ્યા બીજીને પરણતા, મારા સલુણા સ્વામિનું શુભ કરતા;
આવી ધીરજ મુજને અંતરમાં, થયું કૌતક દિન એ અંદરમાં. ૨૮

મહા ઘોર અનર્થના મુળના, પુર્વપાપિઓ કૌરવ કુળના;
તમહાથે ભારતમાં મરેલા, તોય મોક્ષગામી ન થયેલા. ૨૯

એવા દારૂણ કરમી જે દૈત્ય, આવી જન્મ્યાછે કળિમાં અમીત:
કરયું તેમણે કર્મ જે કાળું, શું હું વર્ણવું દીન દયાળુ ૩૦

તમે જાણો તેતો સહુ પ્હેલું, હું તો માનવી દુખનું મરેલું.
કર્મ સંભાર્યે તેમનાં કાળાં, અબળાજન્મ ફોક કર્યા વાળાં. ૩૧

મારૂં હૃદય ઠામ નથી રહેતું, દારૂણદુખનદિને પુર વ્હેતું;
કયાં કહું જઇ કર્મની વાતો, મારો પાપી પ્રાણ મુંઝાતો. ૩૨

દુખ પાડવાંતાં આવાં જ્યારે, શીદ માનવી તન દીધું ત્યારે:
મારા સર્વ વિસારીને વાંક, વ્હાર કરજો વિઠલજી કાંક. ૩૩

આ સમે એક આપ આધાર, જવા દુખદરિયાની પાર.;
તમો ચઢશો નહીં જો વ્હારે, કોને ઓથે જઈ વસું ત્યારે. ૩૪

મારા તાત મ્હાજન નં આપે, વિના અન્ય કો કષ્ટ કાપે;
ટાળો દુખકે ભરોસો ભારે, કહી ચતુરા રોઇ ચોધારે. ૩૫

જમનાનું દુખ સાંભળી રણછોડજીના હૃદયને થતી લાગણી, જમનાપર કૃપા થવી.

રાગ સોરઠી.

રત્નાના મહિનાનો.

અબળાનું દુખ એવું સાંભળી; અતીશે એવાર,
દેવાધીદેવના દીલમાં; ઉપજી કરૂણા અપાર.
ધન્યછે દ્વારકાંધીશને. ૧

સદય હૃદય શ્રીનાથનું, આવ્યું તરત ભરાઇ;
મહાદુખિયારૂં આ માનવી, દશા બહુ દુખદાઇ.
ધન્યછે દ્વારકાંધીશને. ૨

ભોગ સમો થયો તે સમે, આવ્યો કંચનથાળ;
અલબેલાને આરોગવા; સામગ્રી સુરસાળ.
ધન્યછે દ્વારકાંધીશને. ૩

વદન ઉદાસી કરી વદે; શ્રીમુખ શ્રીરણછોડ;
ભોગ લેશું પછી ભાવથી; કામનિના પુરી કોડ.
ધન્યછે દ્વારકાંધીશને. ૪

ભીતરીયા ભડકયા સહુ; સુણી દેવગિરાય;
સમજણ કાંય પડે નહીં, મન વિસ્મય થાય.
ધન્યછે દ્વારકાંધીશને. ૫

શ્રીમુખ આગે ધરે વળી; ભોગ જે ભલિભાત;
આંખ તરાડિ અલબેલડે; સ્રીની સંભારીવાત.
ધન્યછે દ્વારકાંધીશને. ૬

થાળ મુકીને ત્યાંથકી, પ્રભુ રીસાયા માટ;
ભાગ્યા ભિતરિયા બ્હીનિને, કર્યાં બંધ કપાટ.
ધન્યછે દ્વારકાંધીશને. ૭

નારદમુનીનું આવવું.

નિજમન સ્વરૂપ સંભારિયું, આવ્યા નારદમુન્ય;
કરતળ વીણા વગાડતા; વદને વેદધુન્ય.
ધન્યછે દ્વારકાંધીશને. ૮

જય જગદિશ રણછોડજી, જય તન ઘન શ્યામ;
કહિને એવું મુનિયે કર્યો, પ્રીતે દંડ પ્રણામ.
ધન્યછે દ્વારકાંધીશને. ૯

આદર દઇને એમને, બેસાર્યા નિજપાસ;
કર જોડી નારદમુનિ કહે, જોઇ વદન ઉદાસ.
ધન્યછે દ્વારકાંધીશને. ૧૦

ત્રૈલોકીનાથ દયાળજી; પૂછે શેવક પ્રશ્ન;
કરજો ક્ષમા અવિવેક એ, નંદનંદન કૃષ્ણ.
ધન્યછે દ્વારકાંધીશને. ૧૧

વીત્યો સમો સ્વામી ભોગનો પડિ છે ભરિ થાળ;
કારણ એનું કળાય ના, દીનાનાથ દયાળ.
ધન્યછે દ્વારકાંધીશને ૧૨

બ્રહ્મકુમારને ભૂધરો, કહે એમ કથંન;
"સ્નેહ ધરી તમે સાંભળો, હે નારદમુનિજંન.
ધન્યછે દ્વારકાંધીશને ૧૩

મ્હા દુખિયારૂં કો માનવી; આવ્યું આપણે દ્વાર;
દુખ તેનું સાંભળી દીલમાં; ઉપજી કરૂણા અપાર.
ધન્યછે દ્વારકાંધીશને ૧૪

દુઃખ નિવારણ કારણે, "પણ" લીધુંછે એમ;
સુખાણી કરી સ્ત્રી અનાથને; પિરશ્યું જમશું સપ્રેમ."
ધન્યછે દ્વારકાંધીશને ૧૫

ભકતવત્સળતા ભાળિને, દીલ મુનિ દિગમૂઢ;
"વાહ વિઠલ જાઊં વારણે, ગોવિંદ ગરૂડારૂઢ."
ધન્યછે દ્વારકાંધીશને ૧૬

આજ્ઞા કરી મુનિનાથને, આણી કરૂણા અપાર;
મન વેગે મુનિશ્વર આવિયા, જામનગરમોંઝાર.
ધન્યછે દ્વારકાંધીશને ૧૭

નારદ મુનિનું જામનગરમાં આવવું ને જામ વીભાજીને સ્વપ્નામાં દરશણ દઈ જમનાનું દુખ ટાલવાનું કહેવું.

દોહરો.

આવ્યા મુનિવર એ સમે, જામનગરમોઝાર;
રંગ મ્હેલમાં રાયજી, પોઢયાછે સુખસાર. ૧
શય્યા અતિ સોહામણી, બળે દીપ બહુ તેજ;
પાય પલોટે દાસ બે, કો વરણવી કહેજ. ૨
આયુધ ધરિ રણધીરજન, રહેલ પ્હેરેગીર;
રવિ પ્રભાશુ **વિભાજીનું**, શોભિત શુદ્ધ શરીર. ૩
અડધા ઊંઘતા જાગતા, **જામવિભાજી** જેહ;
આવ્યા ત્યાં નારદ મુની દિવ્ય દીપતી દેહ. ૪
રંગમ્હેલમાંહે રૂડો, અધિક તેજ અંબાર;
સ્વપ્નાવસ્થા રાયની, વરણવું તે સુખકાર. ૫
ઊઠયા જાણ્યે ઓચિંતા, ઝબકિ જાગિ નૃપ જામ;
પ્રથમ દોડી મુનિને કર્યો, પ્રીતે દંડપ્રણામ. ૬
"ધન્ય ભાગ્ય મમભવનનાં, કૃત્ય કૃત્ય મુજ કાય;"
"ધન્ય આજનો દિવસજે, પધારિયા મુનિરાય." ૭
"શકૂ વરણવી ભાગ્ય શાં, મુજનાં હે મુનિરાય;"

"નિરખુ આજે નેત્ર ભરિ, પવિત્ર મુનિના પાય." ૮
"હાં અહિં હાજર કોણ છે," લાવિ કનક બાજોઠ;
પુજાનિ સહુ સામગ્રિ પણ, લાવો મૂકી દોટ. ૯
હાં કહેતાંજ હજાર જણ, સેવક શુર સરદાર;
કંચન બાજઠ ઢાળિઓ, શોભાનો નહિં પાર. ૧૦
"ધરો પાય મુનિનાથ પ્રભુ, આ બાજઠપર આપ;"
અર્ધપાદ ષોડશવિધિ, પુજી મટાડું પરિતાપ. ૧૧
બેઠા કંચન મંચપર, મુનિ તપ તેજનિધાન;
પાય પખાળે પ્રેમથી, **જામવિભાજી** પુજાણ. ૧૨
ચરણોદક નિજ ચોકમાં, છંટકાવ્યું ગણિ ધન્ય;
જામવિભાજી સમાનકો, ધન્ય જગતમાં અન્ય. ૧૩
મુનિ સનમુખ કરજોડિને, ઉભા **વિભાજી** ભૂપ;
પુછે પ્રશ્ન અતિ પ્રેમથી, કહિ જય જ્યોતિ સ્વરૂપ. ૧૪
"કોણ કારણે કરિકૃપા, શેવકપર સદભાવ;"
"શી આજ્ઞા સ્વામી કહો, જનને લેવા લાવ?" ૧૫
મુનિ મનમાંહે મગ્ન થઇ, વિલોકિ વિનય વિવેક;
વદે ભૂપપ્રતિ ભાવથી, સંશય ટળવા છેક. ૧૬
"અહો ભૂપકુળતિલકભુપ, અહોવત્સ અભિરામ;"!
"ક્ષત્રિવંશવિભુષણ ખરો, જોગ્ય ભૂપતી **જામ**." ૧૭
"પ્રતાપિ પ્રૌઢ પરાક્રમી, ઉદારવૃતિ અપાર;"

"પ્રજાપાળ નિજ પુત્ર સમ, સમર્થ શુર સરદાર." ૧૮
"ધર્મ વિવેકી ધ્યાનિ તું, સુમંત્રિઓથિ ગ્રથીત;"
"અહુ જામ અહનિશ અતી, પૂણ્યકામપર પ્રીત." ૧૯
"એકે આરે જળ પિયે, અજા વ્યાઘ્ર અહનીશ,
રૂડા તાહરા રાજ્યમાં, કોય ન મન કિલમીષ. ૨૦
સુખ નિરૃતિ છે સર્વને, થતાં મનગમ્યાં કાજ,
દુખ અધર્મિના દીલમાં, રૂડુ એવું તુજ રાજ. ૨૧
પોપટસમ સુપ્રધાનછે, ભલિ મતિના **ભગવાન**,
માવજિ જેવા મંત્રિ જયાં, ભૂપતિ ઇંદ્ર સમાન. ૨૨
કુંવર મહા કોડામણો, ભાવસિંહ સદભાવ;
એ સૌ તારા પૂન્યનો, પ્રૌઢો દિસે પ્રભાવ. ૨૩
કારણ મુજ આગમનનું, સાંભળ જામ સુજાણ,
કહું તુજને તે કોડથી, વિણાપાણિ કહે વાણ. ૨૪
બાળા કોઇક બેટમાં, પ્રભુ મંદિરે સપ્રેમ,
આવી અનહદ દુખ રડી, પ્રભુને ઉપજી રેમ. ૨૫
મ્હા દુખિયારી માનુની, સોકયસાલ દુખ શીર,
આવતું માગ્યું રોકવા, નયન ભરીને નીર. ૨૬
કરી વિનતિ તે શી કહું, કરૂણામય અતિકાળ,
સાંભળિ શ્રીરણછોડ પણ, દિલમાં થયા દયાળ. ૨૭
આણ્યો ત્યાં આરોગવા, ભોગ રૂડો ભલિભાત.

ત્યાગ કરી તે ક્ષણ લિધું, "પણ" ભલેરૂં સાક્ષાત. ૨૮
"કષ્ટ કાપિ કામનિતણું" પછિ જમવું સઃપ્રીત;
"એ દુખિને હું જમું અહીં, એ તે કયાંની રીત." ૨૯
તેડયો મુજને તરત ત્યાં, કરિ દુર ભોજન થાળ,
આજ્ઞા કરિ અલબેલડે, જે ત્રિલોક પ્રતિપાળ ૩૦
કામનિનું દુખ કાપવા, પ્રેમે પ્રભુને પાડ,
ગયો પ્રથમ હું જ્યાં રહે, ગુણનિધિ ગાયકવાડ. ૩૧
સર્વે બિના સમજાવિને, પરણનાર બિજિ નાર,
અટકાવ્યો તેને તરત, ભરમાં વધવા ભાર. ૩૨
સમાધાન કરી સર્વ તે, આવ્યો છું અહિં આજ,
અહો વત્સ કહું તેમ કર, કૃપાળ બનિને કાજ ! ૩૩
ધનજી નારણદાસજે, નીચ મતીનો નેટ ;
દૈછે તે નિજ ડીકરી, ભરી ખાટપર ભેટ. ૩૪
પોતાની પુત્રીતણો, વળિ પારકીતણોય;
બોળેછે ભવ બેયનો, જાણે જન સહુકોય. ૩૫
એવો અધર્મ અતિઘણો, અર્થ કાજ તજિ લાજ;
રૂડા તાહરા રાજ્યમાં, કરતો અઘટિત આજ. ૩૬
માટે અટકાવો તમે, જામિન લેઈ જરૂર;
એ આજ્ઞા શ્રી પ્રભુતણી, સાંભળ શામદ શૂર. ૩૭
કહે જામ કર જોડિને, હે પવિત્ર મુનિરાય;

સ્વયં સિદ્ધ સહુ કાજ પ્રભુ, તોપણ કરી કૃપાય. ૩૮
મુજને મોટમ આપવા, આજ્ઞા કીધી આપ;
ધન્ય ભાગ્ય મુજનાં ગણું, મલે થયાં સહુ પાપ. ૩૯
કર્તા હર્તા શ્રી હરી, હૂં તો કેવા માત્ર;
ઉઠો નાથ આરોગવા, પિરશ્યાં ભોજનપાત્ર. ૪૦
"હશે વાટ જોતા હજી, ત્યહાં દ્વારકાંધીશ;"
સ્પર્શ કરી તે પાત્રને, વદિયા એમ મુનિશ. ૪૧
તમ કુળમાંય પ્રતાપિ ભુપ, પ્રજાતણા પ્રતિપાળ;
થશે વળી મ્હાશૂર સહુ, કાળતણા પણ કાળ. ૪૨
એ મારોછે આજથી, આશીર્વાદ અનૂપ;
શિર ચઢાવિ લીધો તરત, ભલો **વિભાજી** ભૂપ. ૪૩
ચરણ પરશ કરવા ગયા, મ્હા હેતે મહિપાળ;
અંતરધ્યાન મુનિ થયા, તર્તિબરૂપ તતકાળ. ૪૪
ઝબકી જાગ્યા રાયજી, જુએ નેત્ર ઉઘાડિ;
પાય પલોટે દાસ બે, ઝળહળ દીપ અગાડિ. ૪૫
ખમા ખમા પૃથીરાજને, વદતા શેવક વાણ;
ચકિત થઈને શું જુઓ, ક્ષત્રિવંશના ભાણ. ૪૬
"ક્યહાં ગયા મુનિ નાથજી, આવ્યા તા જે આજ;"
પરિજન કહે પૃથિનાથ હે, "કેવા કો મુનિરાજ." ૪૭
"ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ તમ, સત સંગત આશક્ત;"

"સ્વપ્ને પણ એ ઝંખના, દિઠા હશે હરિભક્ત." ૪૮
સુણિ શેવકની વાણિ શુભ, મન રીઝયા મહિપાળ;
"વિણાપાણિએ સ્વપ્નમાં, દરશન દીધ દયાળ." ૪૯
આજ્ઞા કરિ જે આ તકે, અનૃત કે પછિ સત્ય;
પડશે કદાં પ્રભાત અવ, જોઉ પારખુ સુમત્ય. ૫૦
પડિ સવાર પોંફાટિયો. જાગ્યા **જામ વિભાજી**;
શૌચક્રિયા કરિ સ્નાન કરિ, ભરિ કચેરિ થઇ રાજી. ૫૧

જામ સાહેબના દરબારની શોભાનું વરણન.

સિંહાસનપર શોભતા, **જામવિભાજી** ભૂપ;
જાણ્યે ઇંદ્ર સભા ભરી, બેઠા દિવ્ય સ્વરૂપ. ૫૨
ચમર ઢળે ચોપાસથી, ખમાખમા પૃથિરાજ;
નકિ પોકારે નેહથી. ચોપદાર શુભ કાજ. ૫૩
ડાબી પાસે કુંવરજી, **ભાવસિંહ** કુળભાણ;
જમાણી પાસે જુગતથી, બુધ્ધિ નિધાન પ્રધાન. ૫૪
સનમુખ ભાવ ભણે ભલા; ભાટ ચારણો મીર;
નૃતિકા ગુણિયલ નાચતી, સુંદર સ્વરૂપ શરીર. ૫૫
વેદ ધ્વનિ વિપ્રો કરે, અતિ ઘણિ દે આશીશ;
સુણિ સુણિ તે સુખ પામતા, અંતરમાં અવનીશ. ૫૬
કહે મંત્રિ જઈ કાનમાં, રાજયનીતિની રીત;
હિસાબ લાવે હરઘડી, પૂરણ ધારી પ્રીત. ૫૭

એમ નૃત્ય ગિત ભાવમાં, અવર ઇ ગઇ એક;
નિત્ય કામ પછિ કાઢિયું, વડા પ્રધાને નેક. ૫૮
આવીછે અવનીપતી, અરજી અહિંયાં એક,
મનહર મુંબઇ બેટથી, વાંચિ જુઓ સવિવેક. ૫૯
"ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ નૃપ, બહુ પ્રજાના બાપ;
કરસનદાસનિ કરિ કૃપા, અરજી સુણજો આપ. ૬૦
રૂડા તમારા રાજ્યમાં, ધનજી નારણદાસ;
બાંતે રહે ખંભાળિએ, વારૂ કરિને વાસ. ૬૧
તે નર નિજ પુત્રી દિયે, મુજ જમાઇને નેટ,
છોકરિ મમ જીવતી છતાં, ભરી ખાટપર બેટ ૬૨
માટે મ્હેર કરી ધણી, ધર્મસિંધુ ગુણ ધામ,
કરો વ્હાર હું કરગરૂં, કાજ ખાળવા કામ." ૬૩
એવી અરજી વાંચિને, વિચારતા મન જામ,
વાત ખરી થઇ સ્વપ્નની, તેજ પ્રમાણ તમામ ૬૪
કહી બિના નિજ સ્વપ્નની, ભરકચેરિ મોઝાર,
વિસ્મય થયા પ્રધાન સહુ, કૌતુક સુણિ તે વાર. ૬૫
પછી કહે પરધાનને, ભૂપતિ મ્હામતિધામ,
ખરે લખો ખંભાળિએ, કામદારને કામ ૬૬
લખ્યો તરત શુભ લેખ ત્યાં, વેગે કરતાં વાત.
ધનજી નારણદાસના, જામિન લેવા ભાટ. ૬૭

"આપે નહિં નિજ અર્ભકી, ભરી ખાટપર ભાર,
આપે તો દરબારના, ઘણાજ ગુન્હેગાર." ૬૮
શ્વાર કર્યો તૈયાર શુભ, દિધો લેખ ત્યાં એજ.
પ્હોરમાંય પોંચાડિયો, ખંબાળિએ ખરેજ ૬૯
વાંચીને તેડાવિયો, ધનજી નારાણદાસ,
"આપો જામિન આ સમે, નહિં તો થશો નિરાશ." ૭૦
"શો અન્યાય કર્યો અમેં, ધનજી કહેછે ધીર."
"શાના જામિન આપુ હું, એવી શિછે અધીર?" ૭૧
કામદાર કરિ કોપ ત્યાં, કહેતા એમ કથંન;
સ્નેહે સહુજન સાંભળો, વારૂ તેહ વચંન. ૭૨
"બેઠા છો ભવ બોળવા, બિજાની દિકરીનોજ "
"કહોછો વળિ "મેં શો કર્યો" તે અન્યાય કહોજ." ૭૩
"તમારિ દિકરીના તમે, મુખત્યાર છો મેર"
"ખાડે દો કે ખાવરે, પૂછીશું નહિં પેર." ૭૪
"પણ પારકિપુત્રી ઉપર, અધિક કરો અન્યાય,,
"એવું તો અમ રાજ્યમાં, કદાપિ કાળ ન થાય." ૭૫
"ટકટક કરવાનું નથી, કચેરિકેરૂ કામ"
આપો જામિન કે પછી, કેદ રહો આ ઠામ. ૭૬
એમાં કહી એ અવસરે, ધનજીને ધરિ ધીર.
વાણભાડાના ભવનમાં બેસાર્યા બળવીર. ૭૭

સાંજ સુધી તે સદનમાં, માણી ઝાઝી મોજ,
પછિ તો અકળાયા પુરા, "રહિશ શું આમાં રોજ" ૭૮
ગ્રહસ્થ જે જન ગામના, પૈસેથી ભરપૂર,
દીધા જામિન તેમને, ઉરથી તજિ અંકૂર ૭૯
લખિ આપ્યો શુભ લેખ ત્યાં, ચાર મળિને ચતૂર,
"ધનજી નારણદાસના, જામિન અમે જરૂર." ૮૦
"દેશે જો એ દીકરી, ભરીખાટપર ભાર,"
"ખંભાળિએથિ જો વળી, પુર ગણશે પોબાર." ૮૧
"એ બે વાતતણા અમે, જામિન જામહજૂર,"
"દિયે દંડ દરબારે જે, ભરશૂં અમ ભરપૂર." ૮૨
છોડયા ધનજી છેલને, તે પછિતો તતકાળ,
વાચે ચાલી વારતા, હસે નારિ વૃધ્ધ બાળ. ૮૩

ધનજીને જામીન લઈ છોડયા પછી ખંભાળિયાના લોકોમાં થતી ચરચા.

ખળભળ થયું ખંભાળિયું, ઉલટયાં લોક અથાગ,
જોવા ધનજી ધીરનો નહિં પગ મેલ્યા માગ ૮૪
ઠામ ઠામ ટોળે મળી, કરે પરસ્પર વાત ;
"શું સૂજ્યું આ ધનજિને. ઘડવા અઘટિત ઘાત"? ૮૫
"બાળકિનો ભવ બોળવા, બેઠો છે એ બાપ;"

"એ બાપથી અવનિવિષે, ભલાં નઆપાં આપ." ૮૬
"અરે બિચારી બાળકી, (જો) ભરી ખાટપર જાય;"
"એના સુખમાં ઊઠશો, લાખગણી બઇ લ્હાય." ૮૭
"ભલૂં થજો ભૂપાળનૂં, વિનતાની કરિ વ્હાર;"
"બાપડિ બાળકિ બેયનો, સુધારિયો સંસાર." ૮૮
"બાપ કએ નથિ બાપ કઇ, વૈરભાવ માબાપ;"
"સત્ય બાપ તો **છત્રપતિ**, તજાવિયો પરિતાપ." ૮૯

એમ સર્વ અન્યોન્ય ત્યાં, વાત કરે વૃદ્ધ બાળ;
શ્રવણે ધનજી સાંભળે, ઝાઝી પ્રગટે ઝાળ. ૯૦
હિતેચ્છુ ને અનુભવિ જનો, કહે મૂખપર સર્વ;
બોળિશમાં ભવ બાળનો, ગંડક ધરિ મન ગર્વ. ૯૧

શ્રાપ દિયે સંતાન જો, કૂળ નિકંદન થાય;
સાત જન્મ સંસારમાં, જરૂર વાંઝિયા જાય. ૯૨

પુળિ ઉઠિ પાંચ હજારમાં. ફજેતિ પામ્યો ફોક;
આગ ઉઠી આબરૂવિષે, લાખો કહે છે લોક." ૯૩
સુંદર ઠપકો સાંભળી. ધનજી નારણદાસ;
અધોમૂખ કરિને ઉભા; વિચાર્યો પછિ નિજવાસ. ૯૪
ખબર આવિ તેની ખરી; ઝટ મુંબઇમોઝાર
ધનજી નારણદાસના, બહુધા વાગ્યા બાર. ૯૫

ધનજીના જામીન લીધાની વાત મુંબઈના વિરવાડા વાળાની પક્ષ વાળાઓએ સાંભળી. તેમનું શોકાતુર થવું.

ચોકડિયો ચંડાળની, ચિંતાતુર થઈ ચિત્ત;
"હાય હાય હરિ રૂઠિયો, નીચાંકર્મ નિમિત્ત. ૯૬
નાક ગયું નવટાંકનું, શિદ રહ્યું મણનું શીર;
અધ્ધર ઊડ અભાગિ શિર, શોભતું નથી શરીર. ૯૭
નાક જતાં થઈ કાખના, રહી હાથમાં રાખ;
લખપતિ તેથી ચોંડશું, નાકતણે સ્થળ લાખ. ૯૮
પાસો જિતનો ના પડે, રમત માંડિ શું રોઉં?
નિપજ કોણ નક્ષત્રમાં, જનમોતરિ જઇ જોઉં." ૯૯

સામા પક્ષનાઓએ જુઠા જોષીને બોલાવી ગૃહભાવ પુછયા.

એમ વિચારી એ તકે, જૂઠો જોષી જાણ;
તેડાવ્યો તતકાળ ત્યાં, મેળવવા મોંકાણ. ૧૦૦
તાજૂં કાઢયું ટીપણું, સુંદર અંદર રંગ;
મેષ મકર ધન ધૂતવા, જોષી માંડયો જંગ. ૧૦૧
"મોજડિએ મંગળ વરયો, બુદ્ધ બુદ્ધિ હરિજાય;"
છરો લેઈ શનિ છાતિએ, ચઢિ બેઠોછે પ્રાય. ૧૦૨

શુજવા દેતો નથિ કશૂં. વકર્યો શુક્ર વિશેષ;
રવી રોળ મંડાવશે, ઠકર ખાશો ઠેશ. ૧૦૩
કૃતિકાનક્ષત્રે તમે, જન્મ્યાછો જગમાંય;
તે કૃતિકા કન્યારૂપે, કરે કાંયનુંકાંય. ૧૦૪
એક ઉપર બિજિ આવતી, કન્યા કૃતિકા જેહ;
ભોગ લિધો તમ નાકનો, નહિં એમાં સંદેહ.
લાખતણું આ નાક જે, ચોંટાડ્યૂં કરિ ચોપ;
તેપણ રહેશે નહિજ જવ; કૃતિકા કરશે કોપ. ૧૦૬
પ્હેલેથી એ પાપમાં, પડવું ન્હોતું પ્રાય;
શીદ રડોછો શેઠજી, થનારૂં સ્હેજે થાય." ૧૦૭
તાજે ટિપણે શેઠનાં, આંસુ લુંછે આપ;
ત્યમ ત્યમ કરમે હાથ દઇ, પ્રૌઢ કરે પરિતાપ. ૧૦૮
"પ્હેલેથી ના પૂછિઆ. મુજને સહુ ગૃહભાવ;"
હવે નાક રહેવાતણો, દુનિયામાં નથિ દાવ." ૧૦૯
એમ કહી જોષી ગયા, સુંદર વચન સુણાવિ;
હબકયા મુઢ હૈયાવિષે, તોપણ ધીરજ લાવિ. ૧૧૦
લખ્યો પત્ર ખંભાળિએ, મિત્ર મળતિયાજેહ;
ઓ ભાઇઓ માહરા! કહું તે સુણજો એહ. ૧૧૧
થાકયો ઢેડો ધુળ અથે, એ ઉપાય અવ હાથ;
"માટે કહું તે ત્યાં કરો, સર્વ મળીને સાથ. ૧૧૨

એક ઉપર બિજિ બાયડી, કરવે દોષ ન હોય;
રીત અમારી ન્યાતમાં, જાણેછે સહુ કોય." ૧૧૩
એવી સહિઓ લેઇને, પ્રૌઢ કરી પરપંચ;
મોકલિ દેજો મુંબઈ, વાર ન કરશો રંચ. ૧૧૪

મુંબઈવાળાંએ ખંભાળિએ પોતાના મળતિયાઓ ઉપર કાગળ લખ્યા તેથી તે મળતીઆઓએ ખંભાળિયામાં સહીઓ લેવા કરેલો ઘોંઘાટ.

એવો કાગળ આવિયો, ખંભાળિએ ખચીત;
સહિયો લેવા માંડિયો, વડુ કરવા વિપરીત. ૧૧૫
ચીખલસુત ચીખલસમા, **આનંદજિ** અભિધાન
વાલજિ ધનજીનેય તે, તનમાં પ્રગટયું તાન. ૧૧૬
કુડુ કરિ નાક કપાવિને, નકટે નાત વધારિ;
તેવું કરવા કારણે, **વાલજિએ** વીચારિ. ૧૧૭
નિજ નાનકડિના લિધલ, લેખે સાતહજાર;
સંવત અઠાવિનિ શાલમાં, જાણે નરને નાર." ૧૧૮
"હાં ધનજી હઠિ જાવ ના,! જખ મારેછે જકત;"
"**નવહજાર** પછિ નહિં મળે, આબરૂના આશક્ત." ૧૧૯

"**કન્યારત્ન** વટાવતાં, આવે અડચણ એમ;"
"પાછા હઠિએ તો પછી, કહે ક્ષત્રિ કો કેમ?" ૧૨૦
"અમે સહીઓ આપશૂં," **વાલજિ** બોલ્યા વેણ;
ધનજીને ઢંઢોળિયા; નભે ચઢાવી નેણ. ૧૨૧
હિરામગતિના હોંસિલા, જમાઇ **કેશવદાસ**;
સાસુ પ્રતાપે નિત નવા, વિનતા ભોગ વિલાસ. ૧૨૨
કુઠણી સાસૂ જેહને, તે જમાઇને જોખ;
અંતે (તો) હરિ બેસાડશે, ઘોર નર્કને ગોખ. ૧૨૩
તે કહે ધનજીને ત્યહાં, શીદ કરે સંતાપ;
અમો સહીં લે આપિએ, કષ્ટ કુવરિનું કાપ. ૧૨૪
નશમંડળિના રાજવી, મોભી **મથુરાંલાલ**;
પરસોતમના પાટવી, કામનિઓના કાળ. ૧૨૫
જેનિ ભગનિના જોખમાં, સંસારી જન સૂણ;
ખીમા ગંડાળાનું થયું, ખોટી રીતે ખૂન. ૧૨૬
કોણે? કેવિ રિતે કર્યું? એ વાતો આવાર;
જમનાંને પજવ્યાથકી, મોકલશે મોરાર. ૧૨૭
એવી આબરૂ જેમની, ગાડે ગર્મે ઘાણીજ;
સહિઓ લેવા નીકળ્યા, હૃદય પમાડી રીઝ. ૧૨૮
કેશવજી નારણજિતો, ધનજીના વેવાઈ;
પ્રથમ એહના પુત્રશું, સ્નેહે કરિતિ સગાઇ. ૧૨૯

મરી ગયો તે માનિતો, વહુ બીજે ઘર જાય;
ત્યાં સુખ પામે તારૂણી, સહન કરી ન શકાય. ૧૩૦
"મારા ઘરની કન્યકા, જાય બિજેજ જરૂર;"
"સુખે રહે તો માહરૂં, કાળજ શાનું ક્રૂર." ૧૩૧
"સોક્ય ઉપર જો સંચરે, તો તો ઠિક કેવાય;"
"ખસ ગઈ ટાઢે પાણિયે, વારૂં વિના ઉપાય." ૧૩૨
એવું વિચારી એહપણ, સહિ લેવા સિંહ થાય;
અબુધ એટલે સમજ નહિ, ન્યાય તથા અન્યાય. ૧૩૩
પરસોતમનો પુત્ર જે, છેકજ **ઘેલો** નામ,
ભાવ ભજવવા નામનો, કરતો નીચું કામ. ૧૩૪
હિરજીના અઢિવેંતિયા, કુમાર કરમી **કાન**;
તનમાં શરરર તેમના, ત્રિજૂ પ્રગટયું તાન. ૧૩૫
નિર્મુળ કરવા કીર્તિ મુળ, **મુળજી** તજિ મરજાદ,
મોટમ ખોવા **મોરલો**, ટેહું ટેહું કરિ નાદ ૧૩૬
કરિએ સહિઓ અમ કહે, ધનજીને તે કાળ,
તોડયા બોડયામાં નહીં, પૂંછ વચેનો વાળ. ૧૩૭
રેંજિ પેંજિ બે **શાંજડાં**, વન રોઝડાં સમાન,
બાવો નાચ્ચે બોદલી, નાચિ છેક નાદાન. ૧૩૮
એવાં એ મળિ એ સમે, કીર્તિ નિર્મુળકાજ,
ખળભળાવ્યું ખંભાળિયું, નેવે મેલી લાજ. ૧૩૯

સહિયો લેવા માંડિયો, વાત થઇ વિખ્યાત,
નગરતણાં નરનારિયો, કહે થયો સનિપાત. ૧૪૦
હુલકુ પાડે હઠ કરી, નાંદરવાંની જેમ,
સામા કેશરિ સિંહશુ, ખરે રહે કયમ ક્ષેમ ? ૧૪૧
બ્રાહ્મણ વટલ્યા બાપડા, ભયડાંની થઇ ભેળ,
નયડાં આવાંએ બુડયો, ક્ષત્રી કેરો ખેલ. ૧૪૨
કરે બળ બહુ કોડથી, સુંદર વચન વિશેષ,
ગજા વિનાની ગધાડિપણ, પો'ચાડે નહિ પેશ, ૧૪૩
પણ મનમાં નથિ પ્રીછતા, સિંહનું બળ સાક્ષાત,
મરવા દો વણમોતથી, શિદ કરિએ પંચાત. ૧૪૪
શુરજી સિંહસમાન જે, પરદુખને પ્રિછનાર,
સામા થઇ તે લોકની, ભુલ બતાવિ દેનાર. ૧૪૫
કહેછે સૌને કોપ કરિ, "શિદ વળિ થાવ ફજેત;
આવવાનિ તમ હાથમાં, રસ્તામાંની રેત. ૧૪૫
જાણનારી ટુકગરદની, જોર નથીજ જરાય;
દાયાણી તમ કાં કુટો, મિથ્યા પેટ સદાય ?" ૧૪૬

નારદ મુનિનું જામનગરથી બેટમાં આવવું.

હવે કથા એ અહિં રહી, સાંભળજો સહુ લોક;
વિગત વરણવું મુનિતણી, રહે જેમ શુભ નોંધ. ૧૪૭

આવ્યા મુનિવર નગરથી, પ્રભુમંદિરે સપ્રેમ;
રાજે જયાં રણછોડજી, ભોગ તેમનો તેમ. ૧૪૮
મુનિવર નિરખી મ્હાપ્રભૂ, ઉરમાં ઉમગ્યો સ્નેહ;
સમાચાર પૂછયા સહૂ, જામનગરના જેહ. ૧૪૯
અથઇતિ કહિને એ સમે, પ્રભુને કર્યો પ્રણામ;
સાંભળિ શ્રી પ્રભુ સ્નેહથી, ઉર લીધા મુનિ આમ. ૧૫૦
જમનાંછે હજિ મંદિરે, લ્યે દરશન ભરિ નેત્ર;
ધન્ય મહાપ્રભુ ધન્ય છે, મહા તેજ મ્હોક્ષેત્ર. ૧૫૧

આરોબાર જમનાને મુંબઈ જવાનું સુચવવા આકાશ વાણી થાય છે.

એ અવસર થઇ ઓચિતી, વિમળ વાણિ આકાશ;
હે સુંદરિ સુખ પામશો, ઉરથી તજ ઊદાસ. ૧૫૨
જઇશ ન પાછી દ્વારકાં, કારણ કહું આ કાળ;
સાંભળિ સાચું માનજે, વાંકો ન થશે વાળ. ૧૫૩
તને મોકલી સાંભળી, સ્નેહે તુજ ફઈ સાથ;
મુંબઇના જે દાનવો, હવે ઘસે છે હાથ. ૧૫૪

જમનાંને નહી મોકલવા મુંબઈવાળાંએ લખેલા કાગળની મતલબ.

લખિઆ છે મળિ તેમણે, કાગળ આગળથીજ;

"જો મોકલશો જમનિને, રૂદે ન ધરશું રીઝ. ૧૫૫
કારણ કાકા કાળનૂં, સુંદરનરનું સ્હેજ;
બાપાળૂં બધુ ભવવિષે, પ્રૌઢૂ પ્રગટ થશેજ. ૧૫૬
સમજાવ્યા અહિં સર્વને, જમનાં ઘેલિ જરૂર;
પરણે તેથી સ્ત્રી બિજી, ગોકળ નામે ઘૂર. ૧૫૭
એ જો અહિયાં આવશે, તો અમ સહુનાં તર્ત;
પળિયાંમાં ધુળ પાડશે; હારી જઈશું શર્ત. ૧૫૮
માટે મોકલિ હોયતો, અધવચથી આવાર,
પાછિ વાળજો પ્રેમદા, નહિંતો વાગ્યા બાર." ૧૫૯
અધર્મિઓએ એ રિતે, વિરવાડે આ વાર,
લખિઓ છે કાગળ ખરે, હે નિરમળ સતિનાર ! ૧૬૦
માટે અહિંથી માનુની, સત્વર થઇ તૈયાર,
સરૈયે તું સંચર સુખે, પામિશ દુખનો પાર. ૧૬૧
ત્યાંથિ જજે ખંભાળિએ, પછી નગર થઇ નેટ,
રાજકોટની વાટ લે, ઠીક જવાશે ઠેઠ. ૧૬૨
મૃતકજિવાડણ વાણિ એ, સાંભળિ જમનાં સ્હેજ,
ગુણવંતી ઘણિ સ્તુતિ કરી, ધ્યાવી ફાઇ કનેજ. ૧૬૩

બેટમાંથી મુંબઈ આવવા જમનાનું નિકળવું

સમાચાર સરવે કહ્યા, સજિને પછિ સૈ સાજ,
સરૈયા ભણી સંચર્યાં, જળવાટે ચઢિ ઝાઝ. ૧૬૪

ઉતર્યાં થોડી અવધમાં, ખંભાળિએ ખચીત,
નગર જવા વળિ નીકળ્યાં, પૂરણ ધરિને પ્રીત. ૧૬૫
રાજકોટ ત્યાંથી રૂડે, વળિ ત્યાંથી વઢવાણ,
દડ મજલે પ્હોંચ્યાં પ્રિતે, વારૂ કરૂં શું વખાણ. ૧૬૬
વિમળ ચઢી વૈમાનમાં, વઢવાણેથી બેય;
ઉડિ ચાલ્યાં આકાશમાં, શી શોભા કહું તેય. ૧૬૭
પવનવેગસમ પરવરે, અંતરક્ષિ વૈમાન,
શુભ સૃષ્ટીશૌંદર્ય તે, ભૂલે નિરખી ભાન. ૧૬૮
હાંકયે હેલા માત્રમાં, સાબરમતી સમીપ,
આવી પ્હોંચ્યાં એ સમે, ધ્યાને મુંબઇદ્વીપ. ૧૬૯
જમનાં પૂછે જુગતથી, નિજ ફૂઇને નિરધાર,
"આ નદિ દેખીને મને, ઉર આનંદ અપાર." ૧૭૦
"કયાં આવ્યાં આપણ કહો? ઉભુ રખાવિ વૈમાન,"
"નદિએ સ્નાન કર્યા પછી, પ્રભાતમાં પરિયાણ." ૧૭૧
કહે ફોઇ સુણ બેન તું, કાન પવિત્રજ કાજ,
દૂધેશ્વરના આશ્રમે, આવિ પહોંચ્યાં આજ. ૧૭૨
સાંભળિ જમનાં સ્નેહેથી, આશ્રમ દરશન માટ,
ઉભુ રખાવ્યું વૈમાન ત્યાં, સાબરમતિને ઘાટ. ૧૭૩
રાજનગર રળિયામણું, સમીપ મોટું શ્હેર;
ઇંદ્ર **સુધાશની** દળ; ફરકે પુર ચોફેર. ૧૭૪

મહિપતી૧ મંત્રી ઇંદ્રનો, જળપતિ **દળ**૨ **ગોપાળ**;૩
ભોળા૪ શંભૂ ભાવથી, સહુની લે સંભાળ. ૧૭૫
એવી પુરિ અતિ પાવની, દુધેશ્વરાશ્રમ દિવ્ય;
ઉભુ રખાવિ વૈમાન ત્યાં, સંચરિ પુજવા શીવ. ૧૭૬
મુનિ આશ્રમ જઇ માનુની, પ્રીતે લાગી પાય;
નગર ન્યાળુ શુભ નેત્ર ભરિ, પ્રભાત થવા વિદાય. ૧૭૭
બેય આવિને બેઠિયો, વળિ પાછી વૈમાન;
અંતરિક્ષ માર્ગે ઉડયૂં, વરણે કવિ મતિવાન. ૧૭૮
ભૃગુક્ષેત્ર આવ્યું ભલું, નિર્મળ ત્યાંનું નીર;
વહે નિકટ નદિ નર્મદા, સ્નાને શુધ્ધ શરીર. ૧૭૯
સુરત આવ્યું સોહ્યામણું, શી વરણું શોભાય;
ઉભુ રખાવ્યું વૈમાન ત્યાં, તાપી નદિતટ પ્રાય. ૧૮૦
વિરામ કરિ અડધો અવર, હંકાવ્યૂં વૈમાન;
ઘોર રવે ઘણું ગર્જતૂં, નર સુણજો મતિવાન. ૧૮૧
સરિતા શૈલ સુવૃક્ષને, ઓલંઘતું અભિરામ;
જળ પિતું ખાતું કોયલા, આવિ પ્હોચ્યું આ ઠામ. ૧૮૨
કરતાં વાત વિનોદ શુભ, કુઇ ભત્રિજી સભાવ;
"મળિશ આજ માબાપને, મટશે દુખના દાવ." ૧૮૩
"મને દેખિ મુજ માવડી, હર્ષઘેલિ આવાર;"
"ટળશે તાપ ત્રિવિધ થશે, વિયોગ દુખ સંહાર." ૧૮૪

"પિતા પરમ સુખ પામશે, મારૂં જોઈ મૂખ;"
વિરહ જનિત દુખ વેગળાં, ભવની ભાગી ભૂખ. ૧૮૫
સમુદ્રતટ વિમાન શુભ, ઉભું રખાવિ એ વાર;
ઉતર્યાં ફોઇ ભત્રિજી, આવ્યાં પુરમોઝાર. ૧૮૬

જમનાંનું મુંબઈમાં આવવું. માત પિતાને મળવું વિગરે.

મળિ જમનાં માબાપને, દુસહ વિરહ કરિ દૂર;
કુશળ ક્ષેમ પૂછ્યું પછી, પરસ્પરે પ્રિત પૂર. ૧૮૭
હળ્યાં મળ્યાં સુખિયાં થયાં, સાંભળજો સહુ લોક;
સુંદર નર લજવાય બહુ, ફજેત થઇને ફોક. ૧૮૮
લક્ષ્મીદાસે એ સમે, જમનાં નિજ ઘર તેડિ;
નિશ્ચય કરવા નેહથી, સંશય સકળ નિવેડિ. ૧૮૯
પૂછી તેને પ્રેમથી, ઉલટી સુલટી વાત;
ડાહી પણ ડાપણ ભર્યા, ભણે ઉતર ભલિ ભાત. ૧૯૦
"કોરટમાં મુજ કંથને, તેડ્યા જામીન કાજ,"
"શીદ વરો બિજી સુંદરી, લાજ જવાને કાજ." ૧૯૧
"કહ્યું ત્યારે મુજ કંથડે, હું નથિ બિજી કરતોજ,"
"મુજ મામા માએ મળી, અઘટિત ઘાટ ઘડ્યોજ." ૧૯૨
"અને અમારે બેયને, (પણ) કર્મવિવશ આ કાળ,"

આવી જમનાં એટલે, જયારે મુંબઈમાંય
પ્રતિપક્ષિઓતણા ઉરે , થાય કાંયનુંકાંય. ૧૯૫
દર શોધે દિલમાં ડરી , ઉંધિમત સુંદરદાસ;
"હવે થવાનો હે હરી, છેક નાકનો નાશ." ૧૯૬
કાકો કાજળ કોટડી, શોધે મન સંતાપ;
"વાટ ઉઠી વૃદ્ધત્વમાં, પૂરણ વ્હોર્યું પાપ." ૧૯૭
સુંદરનું ખરૂં માનિને, દર ખોધાં વણ દામ;
કાળૂં કરિ સંતાઈ જવા, કાળે આવ્યાં કામ. ૧૯૮
શેઠ કેફિનો તે સમે, પરવારિયો પ્રમોદ;
કામનિએ તો કાઢિયું, નાક કાપિ નખોદ. ૧૯૯
સમુળૂ શુક્રાચાર્યનું, ઘસી કપાયું પ્રાણ;
જૂઠા પડયા જગત બધે, મંદિર વળિ મોંકાણ. ૨૦૦
ડામિજ થયેલ ડાંડ જે, દઈ દંડ હજાર;
કથતાં ઘેલી કામની, ખેશ વાગિયા ખાર. ૨૦૧
અન્ય જનોની આંખમાં, પડી પોટલું ધૂળ;
શામા જોઈ સલક્ષણી, સૌને ઉપજયું શૂળ. ૧૦૨
સુંદર સ્વરૂપ શ્યામની, ભામનિ ગુણભંડાર;
કે' તેને ધાંડી ગણી, ગુણહિણ છેક ગમાર. ૧૦૩
જુગારિજન ઝાઝો રમે, હાર્યો હોય હજાર;
નકટો ન્યાત વધારવા, ઉધમ કરે અપાર. ૧૦૪

અંધો ખુબ અથડાય જવ, ભીંત સાથ ભલિભાત;
ત્યાર પછી પાછો વળે, ઝાઝી હઠિલી જાત. ૧૦૫
એમ આપણા આ સમે, ઉંધિ મત સુંદરદાસ;
ઉદ્યોગી ઊંદરસમા, પડવા અહિમુખપાસ. ૧૦૬
પ્રપંચ પાંડવસાથમાં, કરવે કૌરવકૂળ,
પણ વિચાર નહિ છંડમાં, નિપટ કીર્તે નિર્મૂળ. ૧૦૭
શું આશ્ચર્યજ સજ્જનો, પરવારે જવ પૂણ્ય,
ઉંધિ મતિ આવે કયમ નહીં, નહીં ભાગ્યમાં નુન્ય. ૧૦૮
અબળાને દુખ આપવા, સુંદર કર ઉદમાત,
પણ વિનતા વ્હારે થશે, જે ત્રિભુવનનો તાત. ૧૦૯
ઘરનો ભુવો અને વળી, જાગરિયા ઘરનાથ,
ધુણાવવામા શી મણા ? પણ ભુત નહીં પળાય. ૧૧૦
મોટો મેડો ઘરતણો, પડિ મરવાનો પ્રાય,
દાંભિક ગુલામ દાડિના, આવિ એકઠા થાય. ૧૧૧
એવાં સાધન અભિનવાં, નિત જેને અનુકૂળ,
તેને કરતાં વાર શી ? નિજ કીર્તી નિર્મૂળ ૧૧૨
કર્યા એકઠા કર્મહિણે, ચતુર ચાંચિયા સાઠ,
મેડે મોંકણ માંડવા, પઢે રાજિયા પાઠ. ૧૧૩
ધુંઘટડો તાણી ઘણો, આધું ઓઢિ એ વાર
ઝીલાવેછે રાજિયો, સુણજો નરને નાર. ૧૧૪

રાગ રામ રાજીયાનો.

રામરામરે, સુણો તમે શેઠ સૌ મળી,
રામ રામરે હાથ આવીછે અનાથ;
પાપી પ્રાણિયા, ચેતો ચંડાળની ચોકડી.
(ઝીલનારા બોલેછે) હાયરે ગયું નાકરે.-૧
રામ રામરે દોહલિ વેળા આ દુઃખની,
રામ રામરે તોડી જશો નહીં સાથ;
પાપી પ્રાણિયા, ચેતો ચંડાળની ચોકડી.
હાયરે ગયું નાકરે.-૨
રામ રામરે જુઠા જોશીનું ખરૂં પડયું,
રામ રામરે નારીતો લેઈ ગઈ નાક;
પાપિ પ્રાણિયા, ચેતો ચંડાળની ચોકડી.
હાયરે ગયું નાકરે.-૩
રામ રામરે મોટે ઉપાડે જંગ માંડિયો,
રામ રામરે કાકા થયા પણ કાક;
પાપી પ્રાણિયા; ચેતો ચંડાળની ચોકડી.
હાયરે ગયું નાકરે.-૪
રામ રામરે નવું મ્હાજન કર્યો આસમે,
રામ રામરે હોલાય હૈયાની લાય;
પાપિ પ્રાણિયા; ચેતો ચંડાળની ચોકડી.
હાયરે ગયુ નાકરે.-૫

રામ રામરે તોપછી ગોકળદાસજી,
રામ રામરે એની એ પરણે કન્યાય;
પાપી પ્રાણિયા; ચેતોચંડાળની ચોકી.
હાયરે ગયું નાકરે.—૬

દોહરા.

કહ્યા રાજિયો એ રિતે, પછિ બેઠા જન હેઠ;
છેડા વાળ્યા સહુ જણે, શેઠનિ જાણી વેઠ. ૧
રોણામાં સહુ એમ કહે, "સહિયો લો મળિ સાથ;
તો લાગેલાં સહુ સમે, અળગી થાય અનાથ." ૨
મંત્ર રાખવો મન વિષે, જગમાં પડે ન જાણ;
ગોકળની પંચાતમાં, પડશું નહીં પ્રમાણ. ૩
એમ કહી એ અવસરે, ચિત્ત રાખિને ઠામ;
ઊઠયા શઠ જણ શાઠ ત્યા, કરવા અઘટિત કામ. ૪
વળી કહે સુંદરવચન જે, સહુને મુખ નિરધાર;
"એ વર ને એ કન્યકા, જમશે ઘી કંસાર." ૫
ઘેર ઘેર જઈ ગુણહિણાં, સહિયો લાવે સાર;
"નવું મ્હાજન બંધાયછે," એમ કરે પોકાર. ૬
ટુક ગરદનિયાની અરે, જાય લાજ નેં નાક;
સહિયો કરો તમે સહૂ, ચઢયાં જન સહૂ ચાક; ૭
આપે થઇને આંધળા, આપે સહિયો આપ;

પ્રિછે નહીં નિજપંડમાં, સહેજ ગળશે સાપ. ૮
એવો અતિ ઉદ્યોગ પ્રિછિ, જમનાં મનમોઝાર;
ઘણી રિતે ગભરાયછે, વિનતા વારંવાર. ૯
કહે માડિને કામની, સાંભળ મા સુખસાજ;
પીટયો પુઠ નથિ મૂકતો, દુક ગરદનિયો આજ. ૧૦

નવું મ્હાજન બાંધી મારા સુખમાં વિઘન નાખશે એવા વિચારથી દુખી થઈ જમનાપોતાની માને કહેછે.

રાગ રામગી.

વૈદર્ભિવનમાં વલવલે.

સાંભળ માડી સલક્ષણી, પુત્રી તારીની પીડ;
પૂઠ પીટયો નથી મૂકતો, ચિત્તમાં ચ્હઢે ચીડ.
સાંભળ માડી ૧

માર્યાં નથી મેં એહુનાં, આ જગતમાં માબાપ;
આંબા ગુડયા ન અભાગીના, તોય ઉપજાવે તાપ.
સાંભળ માડી ૨

તરશ્યો એ મારા લોહિતણો, પીશે જીવ ભરપૂર;
ત્યારે પજવવાનુ ત્યાગશે, એ કસાઇ કરૂર;
સાંભળ માડી ૩

સંભારૂછું જ્યારે એહનાં, દુષ્ટ કરતવ્યક્રોડ;
શંચ પ્રપંચના સાંધિને, મારા કાપશે કોડ.
સાંભળ માડી. ૪

જાતો રહ્યો દીસે જગતથી, જગદીશો જરૂર;
નહિં તો પાપીના પ્રપંચને, ચોળી કરે ચકચુર.
સાંભળ માડી. ૫

પતળયો દિસે કાંતો મમપ્રભુ, કઠણ કર્મને વાંક;
દુઃખ વારેવારે દાખવી, રાંકને કરી રાંક.
સાંભળ માડી.. ૬

ધાડ પાડે જે ગામમાં, નિત્ય લુંટારા લોક;
શાહપુરૂષ ત્યાં શું રહિ શકે ? ભારે કર્મના ભોગ.
સાંભળ માડી ૭

ખળ નેં મુશળમુખ એકછે, નમતાં રહે નિત્ય;
પણ જન અન્નને પેચથી, ખાંડિ નાખે ખચીત,
સાંભળ માડી. ૮

પૂણ્ય સૌ પૂર્વજનમતણાં, બેઠો પરવારી બેશ;
ઉદ્યોગ અન્ય રહ્યો નહી, નિપટ એ નર નેશ.
સાંભળ માડી. ૯

જ્યાં તયાં હરીફરી જગવિષે, એ પિટ્યાતણી મીઠ;

લાગી રહીછે ગુજભાગી, દીપ ભણિ જયમ કીટ
સાંભળ માડી. ૧૦

મુજ દુખ નથિ મને લાગતું, પીટયાનું દુખ પ્રૌઢ;
મરશે તો અવગતિયો થશે, માડિ એ મતિમૂઢ
સાંભળ માડી. ૧૧

“હાય હજી સાલસોકુયનું, ન કરાવ્યું મેં નેટ;”
“અંતરમાં રહ્યો ઓરતો, તે પ્હેલાં જમભેટ”
સાંભળ માડી. ૧૨

એમ ટળવળતાં એહનો, પાપિ જાશે જો પ્રાણ;
ભૂત થઈ ભડકાવશે, મને કરશે હેરાન;
સાંભળ મડી. ૧૩

જીવતાં જંપવા નહિં દીએ, મરતાંય મોંકાણ;
રે ખળ જાજો તાહરા, પૂંચ્છવાટેથી પ્રાણ !
સાંભળ માડી. ૧૪

વાત સાંભળિછે મેં જયારથી, બળે ચરરર ચિત્ત;
અન્ન ન ભાવે મને અરે, નવી પીડાયો નિત્ય.
સાંભળ માડી. ૧૫

પુત્ર પુત્રી સુખ પામવા, ઉછેરેછે માબાપ;
તેવાં માયાળુ માબાપને, આપવો પરિતાપ;
સાંભળ માડી. ૧૬

તાત મારા ન તે દિવસથી, જંપી બેસે જરાય;
અન્ન કરી અન્ન ખાય ના, કષ્ટ વેઠેછે કાય.
સાંભળ માડી. ૧૭

તું પણ માડિ અહોનિશા, તારા હૃદયમાં તેમ;
દુઃખ મારે દુખિઆરિછે, પુત્રિપર એવો પ્રેમ.
સાંભળ માડી, ૧૮

ધર્મપિતા મારા ઘરથકી, મીછી માત્ર પર્માર્થ;
કષ્ટ સહન કરે કોટિધા, સધાવા મારો સ્વાર્થ.
સાંભળ માડી. ૧૯

એવિ અરે હું અભાગણી, આપું કષ્ટ અનેક;
ગુણ ઓશિંગણ સર્વની, થઇશ શીરીતે છેક?
સાંભળ માડી. ૨૦

બેસવા દીધાં ન જંપિ મેં, માયાળુ માત તાત;
ઓસાર આવેછે અંતરે, વરણી કહું કોને વાત.
સાંભળ માડી. ૨૧

એવું કે'તાં ચાલ્યો આંખથી, અઢળક આંસુપ્રવાહ
જોઇ તે જનુનિના ઉરવિષે, થયો દારૂણદાહ.
સાંભળ માડી. ૨૨

જમનાની મા જમનાંને શાંત કરેછે.

રાગ પરજ.

અરે કોણ આદમી એવોરે "એ ઢાલ"

સુતા મારી સરવેથી શાણીરે, વિમળ તારા મુખની વાણીરે—ટેક.
તજ તનુજા શોક સરવે તું તારો, અંતરકેરો આજ;
શીદ બળાપો કરી મારિ બે'ની, વિપતે આવેછે વાજ.
સુતા મારી સરવેથી શાણીરે. ૧
પડશે થોડા દિ પછિથી તું જોજે, પાપિને મુખ પેંજાર;
સાહ્ય તું માગ્યને શાંમળિયાની, વિઠ્ઠલ કરશે વ્હાર;
સુતા મારી સરવેથી શાણીરે. ૨
પુત્ર પુત્રીથી શું આધક જગતમાં, માબાપને મનમાંય;
કષ્ટ અમારાનું કાળજે તારે, કષ્ટ ન ધરવું કાંય;
સુતા મારી સરવેથી શાણીરે. ૩
કુશળ ચહી જગ કુશળ કરવું, પુત્ર પુત્રીનું સપ્રીત;
એજ માબાપનો ધર્મ અહર્નિશ, સંમત શાસ્ત્ર સહીત
સુતા મારી સરવેથી શાણીરે. ૪
અન્યની પુત્રિઓને જોઈ અતિશે, સાસરા તરફનું સૂખ;
પુત્રી મારી મારો પ્રાણ બળેછે; દાઝ્યલું જોઈ તુજ દૂખ.
સુતા મારી સરવેથી શાણીરે.—૫

સુખ કરી શકયાં નહિં અમે એવો, મુજને મન ઓસાર;
તાત તારાને ઉર થાય તેતો, કોણ કહી શકનાર.
સુતા મારી સરવેથી શાણીરે.—૬
મિથ્યા બળાપો જોઈ તારો મારૂં, શેર લોહી સુકાય;
તારે તો રાજી રહેવું નિરંતર, જોવું બેઠાં જે જે થાય.
સુતા મારી સરવેથી શાણીરે.—૭
તારા બળાપાની તાત તારાને, જુગતે થશે જો જાણ;
પ્રેમ સંબંધે પૂર્ણ દુખિ થશે, સાંભળી કાનોકાન.
સુતા મારી સરવેથી શાણીરે.—૮
માટે પ્રફુલ્લિત રાખ તું મનડું, સરવ તજીને શોચ;
આખર શુભ પરિણામ સમજજે, શો હવે ઉર સંકોચ.
સુતા મારી સરવેથી શાણીરે.—૯

દોહરા.

અર્ભકિને એવું કહી, ચાંપી હૃદયા સાથ;
સાંજ સમે આવ્યા સદન, નિર્મળમતિના નાથ. ૧
કહી તેમને અથ ઇતી, પુત્રીદુખની પેર;
શાંભળિ શોકાતુર થયા, મનમાં ઉપજી મેર. ૨
બોલાવી નિજ પાસ ત્યાં, અર્ભકિને એવાર;
ફરસનદાસ કહે મુખે, પૂર્ણ ધરીને પ્યાર. ૩

જમનાંનો બાપ જમનાંને ધીરજ આપેછે.

"કશો ન કરવો કાળજે, આ વાતનો વિચાર;"
આખર ઊંદર ખર મુઓ, થશો જોતું નિરધાર. ૪
સુંદર ઊંદર સમ સદા; જન મેળવી અજાણ;
જાય ફૂંકતો કરડતો, તેથી પડે ન જાણ. ૫
જોશો રાતું જ્યાહરે, ઊંદરનું કરડેલ;
સામિલ થનારને તદા, પ્રગટ જણાશે ફેલ. ૬
ધોરંધર ધર્મજ્ઞજે, તે સમીપ સહુ ફંદ;
ફોકટ સુંદરના થશે, જાણી કર આનંદ. ૭
વધારિની ભાગોળ શૂં, મુખ વિકાશિ મતિમંદ;
જોઇ રહેશે જગતમાં, ફોકટ કરિને ફંદ. ૮
ફજેતિકેરી ફાકશે, ધીરજ ધરિને ધૂળ;
જશકીર્તી કેરૂં જશે, સમૂળગૂ નિર્મૂળ. ૯
સઉ સારાં વાનાં થશે, **ધર્મતાત** પરતાપ;
આ વખતે તો તાહરો, એજ એક માબાપ. ૧૦
આપ્યો જન્મ અમે ખરો, પણ સુખદાતા જેહ;
પ્રથમ તેજ ગણવો પિતા, સંપૂરણ ધરિ સ્નેહ. ૧૧
શામર્થ શર પ્રભુતણું, એનો ધર વિશ્વાસ;
"તેજ તારિ સહુ પૂરશે, અંતરકેરી આશ." ૧૨

એવી શિખ આપી રૂડી; જમનાંને જે વાર;
પરમશાન્ત થઇ પંડમાં, સુણજો નર ને નાર. ૧૩
શાન્ત કાજ પછિ સંચરી; ઉર હર્ષીત અપાર;
કરે સ્તુતી કરતારની, જય જય જગદાધાર. ૧૪

જમનાં ઈશ્વરની સ્તુતી કરે છે.

રાગ ગરબી.

રાતડલી કોની સંગે જાગ્યા. એ ઢાળ—

શામળિયા, શુદ્ધ લેજો સ્ત્રીજનની;
મહા દુખિઆરી કહે કોને મનની. શામળીયા શુદ્ધ લેજો—ટેક
તમે સ્વામી બિર્દ તપાસી તમારૂં;
મહા દુઃખ ફેડો આવીને મારૂં,
બીજા કોને દુખની હું વાત ઊચારૂં શામળિયા શુદ્ધ ૧
પિટયો મારી સુંદર પૂઠ ન મૂકે;
પાપી પરહિતઘૃતમાં આવી થુંકે;
ચતુરાઇ ચિતથી એ ના ચૂકે. શામળિયા શુધ્ધ ૨
તમે પ્રભુ જગપ્રતિપાળ કહાવો;
મહા મુનિરાજના ધ્યાનમાં આવો,
અનાથ અનાથની આપ તજાવો. શામળિયા શુદ. ૩

વેદ પણ ભેદ ન જાણે તમારા;
કળા અકળિતના તમે કરનારા,
માધવ મહાદુખ હરનારા મારા. શામળિયા શુદ્ધ ૪
શલ્યા થઈ પડિતી અહલ્યા નારી;
તમે પ્રભુ પદપરશી તેને તારી,
આર્તબંધુ વિરદ તમારૂં વિચારી. શામળિયા શુદ્ધ ૫
મહામુનિરાજ રહ્યા જોઈ નેત્રે;
થયા મન ચકિત તમારાં ચરિત્રે,
ગયા જવ શબરિઆશ્રમ વનક્ષેત્રે. શામળિયા શુદ્ધ ૬
અધમમાં અધમ એ ભિલની જાતી;
હતી નિત્ય મુખ તમગુણગણ ગાતી,
મુનિ દુર્લભ ગ્રતિ મળિ મલકાતી. શામળિયા શુદ્ધ ૭
સ્વયંગ્રતિ આપી અજામેળ જનને;
નારાયણ પુત્ર નામે ઠાર્યું મનને,
વિઠ્ઠલજી વરણું સમર્થ વિરદને. શામળિયા શુદ્ધ ૮
પ્રભુ તમે પાંડવ પોતાના કીધા;
ઉગારી લાખાભોવનથી લીધા,
હતા સત્યવાદી જો જન એ સીધા. શામળિયા શુદ્ધ ૯
દેવી દ્રૌપદીની લજ્યા તમે રાખી;
પૂર્યાં ચીર જનસુખના અભિલાખી,

એવાંને આથ બિજિ ન તમપાખી. શામળિયા શુદ્ધ ૧૦

ભોળાને ભસ્માંગદે દુઃખ દીધું;
પાપિએ સતિપર ચિત જવ કીધું,
વિઘન તે મોહનિરૂપ ધરિ હરી લીધું. શામળિયા શુદ્ધ ૧૧

ગોરસ ખાધાં ગોપીતણાં માગી માગી,
એવા તમે જનપ્રેમના અનુરાગી;
વિના જપ તપ ઊધરી પદ લાગી—શામળિયા શુદ્ધ. ૧૨

ઉતરવા ઇંદ્રના મદ અનહદને,
તોળ્યો તમે ગિરિવર ગોવરધનને;
તળે રાખ્યાં ગૌ ગોવાળાં વ્રજજનને—શામળિયા શુદ્ધ. ૧૩

કેશ ગ્રહી કંસ ઉપર તમે કોપ્યા,
અધર્મનાં જગમાં જેણે બીજ રોપ્યાં;
જેણે માત તાતનાં વચનો લોપ્યાં—શામળિયા શુદ્ધ. ૧૪

પિપાને પુરણ આનંદ પમાડી,
કંચનની દ્વારામતી ત્યાં દેખાડી;
પ્રગટ મહિમા પ્રિ[illegible]યો બાંરકાડી—શામળિયા શુદ્ધ. ૧૫

મેતા નરસિંહનું પૂર્યું મામેરૂં,
નિવાર્યું દુઃખ કુંવરબાઇકેરૂં;
શિકાર્યું હુંડીનું પત્ર રૂડેરૂં—શામળિયા શુદ્ધ. [illegible]

નાખી ગજઘંટાને ઇંડાં ઊગાર્યાં,
અનેકનાં એમજ કાર્ય સુધાર્યાં;
મિરાબાઇનાં મહાદુઃખ નિવાર્યાં—શામળિયા શુદ્ધ. ૧૭

પ્યાલો ભરી મોકલ્યું ઝેર મ્હારાણે,
અમૃત માની પી ગયાં મીરાં પરાણે;
તમે પ્રભુ લીધી ઊગારી તે ટાણે—શામળિયા શુદ્ધ. ૧૮

વારંવાર દેતાં પરિશ્રમ તમને,
ઓસારો ઉરમાં આવેછે અમને;
નથી લાજ આવતી ઉંદર જમને—શામળિયા શુદ્ધ. ૧૯

ભરોંસો આપનો મુજને અંતરમાં,
રોપાવશો ભાલો વેરિના ભિતરમાં;
દેશો આડિવાટની ધુળ એના કરમાં—શામળિયા શુદ્ધ. ૨૦

ઘણી વાર આ દુખથિ લીધિ ઊગારી,
તેથી મને અંતર ભરૂંસો ભારી,
પ્રભુ વારંવાર પ્રણામું પોકારી. શામળિયા શુદ્ધ. ૨૧

જમનાંની સ્તુતી સાંભળી મહાવિષ્ણુનું ભૂલોકમાં આવવું, મહારાજા જામ વિભાજીના નગરમાં જવું, જામ સાહેબને સ્વપ્નમાં દરશન દેવું, જમનાનું દુખ ટાળવા કહેવું વિગરે.

દોહરા.

કરિને સ્તુતિ કરતારની, પોઢી આપ પલંગ;
ક્ષિરસાગરમાં પોઢિયા, જાણ્ થયૂ શ્રીરંગ. ૧
સહસ્ત્ર મુખનો શેશ શુભ, શિરપર કરતો છાંય;
પાય પલોટે લક્ષ્મિજી, મ્હા ઉછાહ મનમાંય. ૨
ભરનિંદ્રાથી ભુવનપતિ, મહા વિષ્ણુ દીનબંધુ;
જાગિ ઉઠયા ઝટવારમાં, સુણિ જનનું દુખ સંધુ. ૩
મૂર્તિમંત શૃતિ ચાર શુભ, ભણે ગૂણ ભલિભાત;
સર્વ લોકપતિ સુર જઈ, સ્તુતી કરે સાક્ષાત. ૪
ચારૂ ચરણનખદ્યુતિ મહા, લોચનકમળ વિશાળ;
કોટિકામ ઘનશ્યામ પ્રભુ, દ્રગ અતિ દિવ્ય રસાળ. ૫
જય જય જય જગદીશ્વરા, જય જય દીનદયાળ;
લક્ષ ન દે લક્ષ્મીપતી, તે સ્તુતિભણિ તે કાળ. ૬
"ગરૂડ ગરૂડ કયાં ગરૂડ કયાં, કયાં ખગેશ સર્પારિ?"

હાં કહેતાં હાજર થયો, ગરૂડ મહા ગુણધારિ. ૭

ગોવિંદ ગરૂડારૂઢ થઇ, ચાલ્યા રાખી ચોંપ;

દૃષ્ટ ઉપર પિસિ દાઢને, કરી કારમો કોપ ૮

"દૂભે મારા દાસને, ફેડું તેને ઠામ;"

"તે વીના લઉં શી રિતે, અંતરમાં આરામ." ૯

રમા હબકિયાં હૃદયમાં, દેવ થયા દિગમૂઢ;

શકે ન બોલી લોકપતિ, ઓળખિ વૃતિ અરૂઢ. ૧૦

"કોનાપર કોપ્યા પ્રભૂ? દૂભ્યા કોણે દાસ?"

શોચ કરે સુર સર્વ ત્યાં, વિધવિધ તજી વિલાસ. ૧૧

સર્વ સુરો મન શોચતા, અવિલોકી એવાર;

ચરણકમળરજ શિરધરી, વધ્યાં રમા સુખકાર. ૧૨

"દેવ દાસિ રજ ચરણની, કરે અધિક અવિવેક;"

"ક્ષમજો ક્ષમાભુવન પ્રભુ, છોછી મતિ ગણિ છેક." ૧૩

"પ્રભુજી કયહાં પધારશો, કોણ દાસને કાજ?"

"કોણ નીચ ચંડાળપર, મહાકોપ મહરાજ." ૧૪

કહે પ્રિયાને મ્હાપ્રભુ, "આવી કહિશું વાત,

પળ જુગ સમ વહિ જાયછે, આ અવસર સાક્ષાત."૧૫

મહાવિષ્ણુનું ભૂલોકમાં ઊતરી જામનગરમાં આવવું.

ખેડયો ખગ પછિ એવું કહિ, અતિ વેગે આકાશ.
પ્હોચ્યો જઇ પળ માત્રમાં, જામનગરની પાસ. ૧૬
ધિમિ ગતિ કરિ ધરણી ભણી, ઉતર્યો ગરૂડ ઉદાર,
સહિત વિષ્ણુ પેઠો પ્રિતે, રાજમ્હેલમોંઝાર. ૧૭

મહારાજા શ્રી જામવિભાજીના સદ્દગુણોનું વરણન..

પોઢયા ત્યાં પૃથવીપતિ, જામ વિભાજી શુજાણ;
અતિ પ્રતાપિ રણધીરધર, ભલો ક્ષત્રિ કુળભાણ. ૧૮
વંશ વિભૂષણ વિમળમતિ, ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ;
જગમાં જેની જોડ નહિં, મ્હાઉદાર મહિપાળ. ૧૯
સદા પ્રસન્ન વદનશશી, હાસ્ય મધુર શશિકિર્ણ,
નવેખંડમાં નિરમળી, વારૂ કીર્તિ વિસ્તિર્ણ. ૨૦
વિષ્ણુભકત પ્રલ્હાદ સમ, પુરારિતુલ્ય પ્રભાવ,
રૈયત જેના રાજમાં, લાખેણે લે લાવ. ૨૧
દુષ્ટજને મન કાળસમ, સાધૂ મન શિવરૂપ,
માગણજનમન કર્ણસમ; ભલો **વિભાજી** ભૂપ. ૨૨

નિજ પરિજનમન કલ્પતરૂ, કવિમન ભોજ ભુપાળ,
મહા જ્ઞાનિમન જનકસમ, રૈયતમન નૃપરામ. ૨૩
એવો નૃપ અભિરામ મુખ, પોઢયો જોઈ પલંગ,
વિષ્ણુતણે મન વ્યાપિયો, આનંદ અંગોઅંગ. ૨૪
પ્રગટયા હૃદયવિષે પ્રભુ, સ્વપ્નાવસ્થા માંય,
ઝબક જાગિયા **જામ** નૃપ, જાણે તે તક ત્યાંય. ૨૫
તેજપુંજ જોઈ ત્રિભુપતી, વિસ્મય **જામવિભાજિ**;
"અહો નાથ તમ કયાંથકી? પધારિયા થઇ રાજિ. ૨૬
પૂણ્ય કિયા ભવનાં ભલાં, આવી પ્રગટયાં આજ;
ભાળુંછું લોચન ભરી, મહાવિષ્ણુ મ્હારાજ." ૨૭
ચરણકમળરજ શિશ ધરી, ચાંપે ચરણ સપ્રેમ;
પૂછે તવ શ્રી મ્હાપ્રભૂ, કોડે કૂશળ ક્ષેમ. ૨૮
"નાથ કુશળ પદરજ નિરખિ, કોટિક કૂળ સમેત;
દોષ અમંગળ મટિગયા, માધવ મળતાંવેત." ૨૯
"અહો વત્સ આ અવસરે, આજ્ઞા કરૂંછું એક;
પાળવિ તે બહુ પ્રીતથી તન મન રાખી ટેક. ૩૦
ચિટ ધનજી નારાણજિ જે, નીમતીનો નેટ,
દેછે તે નિજ દીકરી, ભરીખાટપર ભેટ. ૩૧
તે કારણ નારદઋષિ, પ્રથમ આવિ તમ પાસ;
કહ્યું હતું ત્યમ કર્યું તમે, અંતર ધરિ ઉલ્હાસ. ૩૨

(તોપણ) મુંબઇના જે દાનવો, નવું માંજન કરિ નેટ;
અપાવવા ઉદ્યમ કરે, ભરીખાટપર ભેટ. ૩૩
તે કારણથી તેમનાં, નેટ કપાવા નાક;
કહું એક વાનું કરો, વિશેષ પૂણ્યવિપાક. ૩૪
જામિન લેવા બેવડા, ધનજીના આધાર;
લખાવિ લેવા કાગળે, બંધન બીજી વાર. ૩૫
"સ્વયં સિદ્ધ સહુ કાર્ય પ્રભુ, તોપણ જન ઉત્કર્ષ;
કર્યો અનુગ્રહ ઉચિત સુણિ, હૈયે વધતો હર્ષ." ૩૬
"પૂણ્યવંત તમ પૂર્વજો, વખાણું શું હું વદંન;
સેવા કારણ સર્વદા, તન મન ખરચ્યાં ધન. ૩૭
તેથિ અનુગ્રહ અમતણો, અતીઘણો અહનીશ;
રહે તમો ઉપર રૂડો, અહોવત્સ અવનીશ."! ૩૮

જમનાંનું દુખ ટાળવા સુચવી વિષ્ણુનું અંતરધ્યાંન થવું.

અદર્શ એમ કહી થયા, જોતા જોતામાંય;
જાગી ઊઠયા ઝબકિને, **જામ વિભાજિ** રાય. ૩૯
ચકિત થયા ચિતમાં અતી, **જામ વિભાજિ** સુજાણ;
સ્વપ્ન પાછલી રાતનૂં, પડે સાચું પરમાણ. ૪૦
ઊંદર શિર ભરિ તિમિર સહુ, રાંક નાઠિ ઝટ રાત;

ઉદિત થયો રવિ એટલે, પડ્યો દિવ્ય પરભાત. ૪૧
નિજ સોબતિ નિશિ લઈ ગઇ, તેથિ તલખિ તનમાંય;
"કાકા" કાળા વરણના, કરે કાગડા ત્યાંય. ૪૨
પોઢ્યા ઉઠ્યા પલંગથી, **જામ વિભાજિ** ભુપાળ;
ખમા ખમા જન સહુ કરે, ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ. ૪૩

જામ સાહેબની દરબારનું તથા પ્રધાનોનું વરણન.

ભરિ દરબાર ત્યહાં ભલી, આવ્યા સહુ ઉમરાવ;
પ્રધાન બુધ્ધિનિધાન પણ, બહુ વિધ કરી બનાવ. ૪૪
મુખ્ય દિવાન મહામતી, **કરમશિના** કુળભાણ;
અભીધાન **ભગવાન** શુભ, પંચ કરે પરમાણ. ૪૫
વિમળ વણિક જ્ઞાતી વડી, અગમ બુધ્ધિ અંકોર;
ભૂપતિનો ભુજદંડ શુભ, વિશ્વવિવશ મતિ જોર. ૪૬
દયાળુ દાનેશ્વરિ ભલો, સ્વામિભક્ત સરદાર;
હિતેચ્છું રાજ્યતણો ઘણો, પ્રજાતણો હિતકાર. ૪૭
જેની મતિના જોરથી, રાજ્યમાંય દિન રાત
સુખ નિવૃતિ જન સર્વને, અધર્મિને ઉતપાત. ૪૮
એહ મંત્રિ મતિ આગળો ભાગ્યશાળિ **ભગવાન**;
સહિત રાય શોભે ભલા, સઃગુરૂ શક્ર સમાન. ૪૯

મતિવંતા વળિ **માવજી**, નૃપના ખાસ ખવાશ;
સલાહકાર શિરોમણી; સદા વસે નૃપ પાસ. ૫૦
રાજ્યવિષે દ્રઢ સ્તંભ બે, વળિ **પોપટ** પરધાન;
ચતુર શિરોમણિ બુદ્ધિ ઘણિ, વણિક વડો વિદ્વાન. ૫૧
સર્વ સમાજ સહીત નૃપ, વિરાજમાન વિશેષ,
શું વરણવિ કહું સજ્જનો, નિર્મળ **જામ** નરેશ. ૫૨
કહી વાત નિજ સ્વપ્નની, સુણી કહે **ભગવાન**,
"સત્ય સત્ય ભુપ શિરમણી, નિર્મળ બુધ્ધિનિધાન. ૫૩
શઠ મુંબઈના જે ઘણા, ઊદ્યમ કરે અપાર,
બિચારી જમનાંપર જુઓ, સોકય લાવવા સાર. ૫૪
એવું મેં સુણ્યુંછે ખરૂં, માટે હે મહિપાળ, !
અબળાની સંભાળ લો, કોટિ પુણ્ય આ કાળ. ૫૫
રાજ્યધર્મ દુખિયાતણી, ચુકાવવી દુખચોટ,
જે આચર્યે જગત બધે, કર્યો કીર્તિનો કોટ". ૫૬
સુણિ એવું સુખપ્રદ વચન, મુખ્ય દિવાનનું પ્રાય.
પ્રભુના કહયા મુજબ નૃપે, કરવા કરિ આજ્ઞાય. ૫૭

ધનજીના જામિન લૈયા મુખ્ય દિવાન ભગવાનજી ભાઈએ ખંભાળિયાના કામદારને લખેલો તાકીદનો હુકમ.

તરત લિધાં કાગળ કલમ, હેત ધરી નિજ હાથ,

લખ્યો હુકમ ખંભાળિએ, **ભગવાને** ભલિભાત. ૫૮
જાવક નંબર જોડિઓ, ત્રેપનમો તરતીબ,
સુણજો સુંદર શ્રવણ ધરિ, રાડ કરીને રીબ. ૫૯
દિવાનજી **ભગવાનજી**, નવાનગરના નેટ,
લખ્યો હુકમ દફ્તરથિ નીજ, હેતે વાંચો હેઠ. ૬૦
"ખંભાળિયાતણા રૂડા, નિર્મળ **ન્યાયાધીશ**.
આ લેખમાં લખ્યા, મુજબ, આદરજો એ દીશ. ૬૧
ઘિટ ધનજી નારાણજિની, અલેતિ પુત્રિ જેહ.
ગોકલ વિરવાડાતણા, દે તેને તજિ નેહ. ૬૨
તે ખાળવા પ્રથમ અમે, લખ્યો તમોને લેખ,
ફરિથી લખવાનું વળી, વાંચો એ સવિવેક. ૬૩
ગંડક ગોકળને કન્યા, પરણાવે ન પ્રમાણ;
પક્કા જામિન એહના, લેજો જરૂર સુજાણ. ૬૪
ખરી ખબર લખજો તરત, લખાવિ ખત જામીન;
સત્વર મોકલજો અહીં, નિર્મળ ન્યાય પ્રવીણ". ૬૫
એવું લખિને મોકલ્યો, સહિ કરિ નિચે સપ્રીત;
આવ્યો હુકમ ખંભાળિએ, સુણજો સ્નેહ સહીત. ૬૭
સર **ન્યાયાધીશ** શ્રેષ્ઠ જે, ખંભાળિયા તણાજ,
ન્યાય પ્રવિણ નિર્મળ મતી, ગર્વ રહીત ઘણાજ. ૬૮
ગોપાળરાવ ગુણનિધી, પિતાનામ **બળવંત**;

તેડાવ્યો ત્યાં તેમણે, **ધનજીનેજ** તુરંત. ૬૯
ફાળ પડી વળિ પેટમાં, ધનજી તો તજિ ધીર;
ગયા હાંફતા ફાંફતા, કચેરિમાં બળવીર. ૭૦
કામદાર તેને કહે, "આવ્યો હુકમ હજૂર;"
"લખિ આપો ખત લો તમે, કામ તજો વળિ ક્રૂર." ૭૧
"પરણાવિશ નહિ પુત્રિને, ગોકળ ગુણહિણ સંગ;"
"વળિ જામિન દો બેવડા, પ્રેમે આજ પ્રસંગ. ૭૨

ફરી જામિન આપવાની વાત સાંભળી ધનજી નારણજી દલગિર થઈ પોતે વિચાર કરેછે.

સુણિ સર ન્યાયાધીશની, વિશેષ એવી વાણ;
"વધેરો વિવાહમાં વડો, પડ્યો અરે પરમાણ. ૭૩
વાણ ભાડાના ભવનમાં, વસવું વારંવાર;
નિશદિન નાક કપાવવું, પીડા અપરંપાર. ૭૪
થોકે થોક મળી વળી, લોકો કરતા વાત;
આ ફજેતિથી તો ભલૂં, મરવું માઝમ રાત. ૭૫
મને ભમવનારા કુશા, મુંબઇના જે મૂઢ;
નથી જાણતા ધનજિની, પીડા આવી પ્રૌઢ. ૭૬
હઠયે ચઢ્યું નથિ માનતું, મન મારૂંય મ્હા મૂર્ખ;
નિરાંત વળવા નહિં દિયે, પરોપકારી પૂર્ખ." ૭૭

હાડ કરડતાં મુખનું નિજ, રક્ત નિરખિને શ્વાન;
અધિક કરડતું જાય ત્યમ, નિપટ ધનજિ નાદાન. ૭૮
વણ ભાડાના ભવનમાં, બેઠા ધનજી ધીટ;
નહીં નાક નહિ શર્મ કશિ, દીપ દેખિ જ્યમ કીટ. ૭૯
કબુદ્ધિ કદી મટે નહી, સો સાધૂને સંગ;
મુજ બોળ્યો ગંગાવિષે; જ્યમ તાણે ત્યમ તંગ. ૮૦
સિપાઇના પ્હેરાવિષે, રહે દિવસ ને રાત;
જ્યાં જાય ત્યાં સીપાઇ તો, સંગાતનો સંગાત. ૮૧
"વણપૈસે વૈભવ રૂડો, મળે ક્યાંથિ મહિમાંય;"
ધનજીભાઇ વિચારતાં, કાળજ કાંયનું કાંય. ૮૨
"કામદાર સાથે ફરે, સિપાઇ કાં મુજ સાથ;
અહો ભાગ્ય મારૂં ભલૂં, શી આપણે અનાથ." ૮૩
જામિન ખતની વાટ તો, છ દિન જોઇને છેક;
પછિ તો નાખ્યા કેદમાં, ધનજીને સવિવેક. ૮૪
અકટોમ્બરની અભિનવી, ચૌદમિ તારિખ દિન;
ઉભા કર્યા સનમુખ ભલા, ધનજી પરસ્વાધીન. ૮૫
જડજમેંટ જુગતે દિયે, ગોપાળરાવ ત્યાંય;
સાંભળજો સજ્જન તમે, કહું આજ જે કાંય. ૮૬
"બાળ કુમારી બાપડી, ખિલતી કળિ કન્યાય;
અબુધ બાપ આ આપતો, સોકય ઉપર તે માય. ૮૭

સુતા શું સુખ ત્યાં પામશો, એ વિચાર નહિં આપ;
પેલા ભવનૂં પુત્રિને, બાપ રૂપ તૂં પાપ. ૮૮

જેની શિખવણિથી અરે, કુદી રહ્યો આ કાળ;
નિવારિ તે કો નહિ શકે, પડતિ આમ પસ્તાળ. ૮૯

છેદાશે તે સર્વનાં, મૂળથકી નિજ નાક;
કર્યું થશે કરતારનું, **ધર્મોજય** પરિપાક. ૯૦

તારા તુજ ગુરૂઓતણા, મનમનોર્થ જે મેર;
વાયે ઉડયા જશે વળી, વડાથિ થાશે વેર. ૯૧

સાર ન કાઢિશ સમજ કઇ, અરે ધનજિ તું આપ;
પામિશ આમાંથી પુરો, પરિણામે પરિતાપ. ૯૨

મુંબઇના તુજપક્ષના, જે જે જનો ગુમાર;
તે સ્વપૂણ્ય પરવારિયા, ઉઠયો દિવસ આવાર. ૯૩

નિમિત તેહનું પક્ષ તુજ, નાક જવાનું નેટ;
અભાગ્ય પણ એનાંય જે, પડી પુત્રિ તુજ પેટ. ૯૪

ભોગવ તારૂં કર્યું હવે, રીઝ ધરી કે ખેદ;"
એમ કહી એ અવસરે, કર્યો ધનજિને કેદ. ૯૫

હવે વરણવું તે કથા, સરવ સુખદ મુળજેહ,
વિષ્ણું ગયા ક્ષિરસાગરે, તમે સાંભળો તેહ. ૯૬

વિષ્ણુનું ક્ષીરસાગર આવવું લક્ષ્મીને સમાચાર કહેવા.

નિમિષ માત્રમાં નગરથી, નારાયણ નિરધાર;
પ્હોંચ્યા ક્ષિરસાગર કરી, જમનાંનું જયકાર. ૯૭
લક્ષ્મી ઉઠી ઉભાં થઈ, પ્રીતે કર્યા પ્રણામ;
પાય પલોટે પ્રેમથી, અવિગત લ્યે આરામ. ૯૮
સમય પામિને તે સમય; કમલા નિજ કર જોડ;
પૂછેછે સંકોચથી, પુરા થવા મન કોડ. ૯૯
"પધારિયાતા કયાં પ્રભુ, દાસીને કહો વાત;"
વિનય જોઇ વિષ્ણુ વધ્યા, ભામનિ સુણ ભલિભાત; ૧૦૦
એમ કહી એ અવસરે, વરણી સરવે વાત;
સુણી લક્ષ્મિ વિસ્મય થયાં, સ્નેહે નિજ મન સાથ ૧૦૧
પ્રણતપાળછે સત્ય પ્રભુ, દીનદયાળ કૃપાળ;
થોડિ વાત સારૂ લિધો, પંડે શ્રમ પ્રતિપાળ: ૧૦૨
પીટયા મારા પાપિયા, સુંદર છછુંદર કાક;
અસુર વંશના અંશિજન, નથી જેમને નાક. ૧૦૩

જમનાના પ્રતિપક્ષિઓપર લક્ષ્મીનો કોપ.

શ્રમ આપ્યો મુજ સ્વામિને, ફંદિ જનોએ ફાક;
અલ્પ દિવસમાં એમની, તાણિ મુકાજો પોક; ૧૦૪

મહાલક્ષ્મિના મુખથકી, શ્રાપ થતામાં સત્ય;
મંદિર શુક્રાચાર્યને, વડિ પડિ પ્રથમ વિપત્ય ૧૦૫
કુંવર કેળના ગર્ભશો, ફાટી પડિયો ફદ;
તોપણ સુંદર અંતરે, નહીજ ત્રાસ નફદ. ૧૦૬
કરે અન્ય નિચકર્મ ને, ભોગવનારો ભિન્ન;
નિચ સંગતમાં નિશદિને, ખરે થાય મન ખિન્ન. ૧૦૭
શું આશ્ચર્યજ સજ્જનો, સતિ હરિ ગયો સુરારિ;
બંધન સિંધૂ બાપડો, સંગત ફળ અનુસારી. ૧૦૮
કહે લક્ષ્મિને તે પછી, મહાવિષ્ણુ નિજ મૂખ.
"ભુતળ જાવ જમનાંતણૂં, દૂર તજાવા દૂખ." ૧૦૯
કર્યું અમારૂ કર્તવ્ય અમ, હવે તમારૂં હાલ;
નારિ નારિની સાહ્યતા, કરે થઇજ કૃપાલ. ૧૧૦
ધૈર્ય આપજ્યો સિંધુજા, સમાચાર કહિ સર્વ;
સુંદર છછુંદર કાકનો, ઘણો ભાગશે ગર્વ." ૧૧૧

જમનાંને ધીરજ આપવા લક્ષ્મીનું ભુલોકમાં આવવું, લક્ષ્મીના રૂપનું, ગવનું, વિગેરેનું વર્ણન.

સુણી રમા સુખપ્રદ વચન, શોળ સજી સાણગાર;
ભૂતળ રૂપ ભંડારની, ઉતરી ઝટ એવાર. ૧૧૨

મદ્ય તુલ્ય આરક્ત અતિ, 'ભરેલ મદ ભરપૂર;
વિશાળ નેત્ર શું વરણવું, અગ્ર મદન અંકૂર ૧૧૩
વદન તેજથી વિશ્વ સહુ, ગુણ તજિ ઘેલું થાય;
ન કરવાનું નિચકર્મ પણ, જોતામાં થઈ જાય. ૧૧૪
ગંભિર ગોળાકાર મુખ, દિવ્ય તેજ અંબાર;
જાણ્યે તરૂણ અરૂણ રવી, સુખકારક દુખકાર. ૧૧૫
ઉરજ ઉભય ઉપસેલ શુભ, સહુ અવયવ શુભ રૂપ;
છાતિ કાઢિ છમ છમ કરતિ, ચાલિ જાય નહિં ચૂપ. ૧૧૬
પંડિતજનપર પ્રીત નહિ, મુઢપર ધરતી મોહ;
જોબનમદ અનહદ ભરી, રમા સ્વરૂપસંદોહ. ૧૧૭
નિપટ ભક્ત નિજ સોકયના, તર્તિબ તેહ પ્રતાપ;
દાસિ ગણે શ્રી દિનનિશાં, અંતર પંડિત આપ. ૧૧૮
મોજ શોખ મતિમંદપણું, મદ આળસ બહુ મોહ;
સખા રમાના તે શું નિત, દિલ પંડિતને દ્રોહ. ૧૧૯
વક્રદ્રષ્ટિ વિદ્વાનપર, રમાતણી દિન રાત,
એ કારણ વણ અન્ય નથિ, વિમળ સાંભળો વાત. ૧૨૦
સખા રમાના સર્વશું, મુઢ ધનપતિને મેળ;
તેથિ નેહ તેપર ઘણો, રમાતણોજ રહેલ. ૧૨૧
શત્રુ સરસ્વતિ સોકયના, ધીટ છેક ધનવાન;
રમા રાજિ નિજ હૃદયમાં, ગણતી નિજ પ્રિયપ્રાણ. ૧૨૨

પંડિતપર કયમ પ્રીત નહિ. મૂઢ ઉપર કયમ મોહ.
કારણ તે લક્ષ્મીતણું, સુણો સજનસંદોહ. ૧૨૩
પંડિતજન સર્વજ્ઞ પ્રિછિ, રમા થઈ રળિયાત,
સંચરિતી તેને સદન; વિપરિત થઈ ત્યાં વાત. ૧૨૪
પંડિતવદનઅજિરવિષે, ભારતિ કરતિ વિહાર.
અલંકાર અધકોટિનો, પડતો થતાં ઉચાર. ૧૨૫
સ્પર્ધા કરી શકી નહીં, રમા ભારતી સાથ;
રિસાઇ પંડિત અજિર તજિ, હારી ગઇ મુઢ હાથ; ૧૨૬
"સેવક એ મુજ સોકયના, માટે મન તજિ મેર,
પજવું પંડિતને પુરા, વડૂં વધારી વેર." ૧૨૭
નિચ જનને નિજ વસ્તુની, લઘુતા નવ લેખાય,
હાડ કરડતાં શ્વાન જયમ, જનને ભસતું જાય. ૧૨૮
મતિવૈભવ દત મ્હારૂડો, ભારતિનો ભલિભાંત;
પંડિત લો તે તજિ કદી, રમાથિ નવ રળિયાત. ૧૨૯
કળા સૈન્ય ભારતિતણે, જર દેવી ઘુતિ જોર;
ભરે શિષ્ય ભંડાર નિત, કમળા કાં કર શોર? ૧૩૦
તોપણ ઉર અભિમાન ભરિ, ઝળઝળ કરતી જાય;
જે દખી જન સજનનાં, મન અતિશે મોહાય. ૧૩૧
મદનદુંદુભી સમ મહા, નેપુર ધ્વની મધૂર;
નર ઉર નેત્ર કટાક્ષથી, ઘાયલ કરતી પૂર. ૧૩૨

જયાં પોઢી જમનાં ત્યહાં, રમા આવિ અભિરામ;
તમામ તમ દુર ત્યાં થકી, ઠર્યું સુંદર ઉર ઠામ. ૧૩૩
જમનાં અહિંયાં જંખતી, પ્રભુ પ્રભુ વદન સપ્રીત;
ભરનિંદ્રા વશ ભામની, થએલ રૂડી રીત; ૧૩૪
સ્વપ્નું આવ્યું સોહામણું (જાણ્યે) રામા રૂપ ભંડાર
આવી મુજ અંતઃપુરે, અલખ તેજ અંબાર. ૧૩૫
સાહિ અંગુઠો સ્નેહથી, ઉઠાડિ ઊંઘતી આથ;
હૃદય ચાંપિ અતિ હેતથી, શિર ફેરવિયો હાથ. ૧૩૬
વદે પછી અતિ પ્રેમથી, હે પત્રી મમ પ્રાણ;"
શોચ કરે શિદ અંતરે, વ્હાલી સાંભળ વાણ." ૧૩૭

જામનગરમાં થએલી હકીકત લક્ષ્મીજી જમનાંને કહે છે અને ધીરજ આપે છે.

કૃષ્ણ જીવન કયારે આવશો "એ રાગ"

સાંભળ સુંદરી સમજાણી, શાને કરતી તું શોચ;
અનુકુળ અંતરજામિ છે, સમજી તજજે સંકોચ.
સાંભળ સુંદરી. ૧

દુખ તારૂં સુણિ દીનાનાથને, આવી કરૂણા અપાર;
ગરૂડ ઉપર ચઢીને ગયા, જામનગર મોંઝાર.
સાંભળ સુંદરી. ૨

ભૂપતી ત્યાંનાને ભાવથી, આપી આજ્ઞા ઊદાર;
ધનજી નારણજી ધીટના, લીધા જમીન સાર.
સાંભળ સુંદરી. ૩

સાંભળશો તે તું સ્નેહથી, એ ખબર આજ કાલ;
વળિ તુજ શત્રુ તમામના, થશે હાલ હવાલ.
સાંભળ સુંદરી. ૪

ધર્મ ધોરીંધર ન્યાયિ છે, ભલો **વિભાજી** ભૂપ;
રક્ષણ કરશે તે તાહરૂં, જેમાં પ્રભુ અંશ રૂપ.
સાંભળ સુદરી. ૫

બેઠી બેઠી જો તું બાળકી, કરવો ન કલ્પાંત;
સુખમાં દિવસ શુભ કાઢવા, સમરીને શ્રીકાન્ત.
સાંભળ સુંદરી. ૬

પ્રતિપક્ષિઓ જે પાપિઆ; તન ધન જશાથી તમામ;
હીણ થશે હીણભાગિયા, રૂઠ્યો જાણજે રામ.
સાંભળ સુંદરી. ૭

કારણ મારિ "કોપાગ્નિના", તારી "હાય" ના તેમ;
બળિ પશુ જાણ હે બાળકી, ખરે નહિ રહે ક્ષેમ.
સાંભળ સુંદરી. ૮

લક્ષ્મી પોતાના દાસ લક્ષ્મીદાસના સદ્‌ગુણોનું વર્ણન કરે છે.

તુજ હીત કારણ જે ધણી, પતિવ્રત્ત પ્રમાણ;
શ્રમ કરે તન મનથી સદા, કોટિ તેનું કલ્યાણ.
સાંભળ સુંદરી. ૯

ઊમયાનો પુત્ર ઊદારજે; ગુણધામ ગણેશ;
ભયભિત ભાગે જેના ભયે, અમંગળ મૂકિ દેશ.
સાંભળ સુંદરી. ૧૦

મંગળમોદ સમૂદ્રમાં, સદા જેહનું સ્થાન;
પાર્વતિના પુત્ર પાટવી, પુરારીનાતો પ્રાણ.
સાંભળી સુંદરી. ૧૧

એવા **ગણેશની વાડિમાં**, મારા દાસનો વાસ;
એજ નામે ઓળખાય છે, વિશ્વમાં **લક્ષ્મીદાસ.**
સાંભળ સુંદરી. ૧૨

કરતવ્ય પરઉપકારનાં, મારા દાસનાં મોટ;
દિન દિન વિશ્વવિશે વડો, કરે કીર્તિનો કોટ.
સાંભળ સુંદરી. ૧૩

વજ્રલેપન રંકઆશિષો, કીર્તિકોટ ચોફેર;
અંદર નામ અભય સદા, જુગોજુગ જાહેર.
સાંભળ સુંદરી. ૧૪

પરદુખ દેખી શકે નહીં, શાણો એ સ્વપનેય;
શું કહું દાસની સાહ્યબી, વિગતે વરણવી તેય.
સાંભળ સુંદરી. ૧૫

મ્હાલવા સંચરવા મને, શોધી દે શુધ્ધ પંથ;
કરિએ તેથી એનીપર કૃપા, હું સહિત મુજ કંથ.
સાંભળ સુંદરી. ૧૬

દાસ મારાના સદગુણો, કહું શૂં મારે મૂખ;
જાહેર જગતવિષે જુઓ, દીનનાં ટાળે દૂખ.
સાંભળ સુંદરી. ૧૭

કર્મ એનાં છે કોડામણાં, એની પ્રીતે આવાર;
ઉગારેછે મારી કોપાગ્નિથી, ગુણ હીણ ગમાર.
સાંભળ સુંદરી. ૧૮

ભાનુ એ ભાટીઆજ્ઞાતિનો, કૂળકુમુદનો **ચંદ્ર**
અર્થીજનોનો **અમરતરૂ**, સદા વદન સાનંદ.
સાંભળ સુંદરી. ૧૯

સ્વાર્થ રહિત પરમાર્થમાં, પૂરણ ધરનારો પ્રીત;
શુધ્ધ ક્ષત્રીવંશનો ખરો, શૂભ ગૂણ સહીત,
સાંભળ સુંદરી. ૨૦

એક **પાત્નવ્રત** જેહને, ધીર વીર ધીમાન,
અવતર્યો ઉત્તમ કૂળમાં, મને પ્રાણ સમાન,
સાંભળ સુંદરી. ૨૧

સાર્થક જન્મ સંસારમાં, માત્ર એહ તણોજ,
પાંચે શ્રીથી પરિપૂર્ણછે, રામ ભજતો એ રોજ.
સાંભળ સુંદરી. ૨૨

વિષ્ણુય નિત્ય વખાણતા, "ધન્ય **લક્ષ્મિના દાસ;**"
ગર્વિતા હું પણ એના ગુણે, "મારે છે એવા દાસ,"
સાંભળ સુંદરી. ૨૩

સર્વનાં મન તુજ હિત ભણી, ખેંચાયાંછે જે ખાસ;
માત્ર કારણ તેનું માનજે, લાયક **લક્ષ્મીદાસ;**
સાંભળ સુંદરી. ૨૪

જગત રીતી એવી જાણવી, સેવક સ્વામી આધીન;
ઉલટી રીતી એથી પ્રભુતણી, સ્વામી છે ભકતાધીન;
સાંભળ સુંદરી. ૨૫

કૃત્ય એનાંએ અમને કર્યાં, સદા નિજવશ સ્હેજ,
મન સાથે મન દઈ એહના, આચરિએ તે માટેજ;
સાંભળ સુંદરી. ૨૬

આંતરડી અબળાની ઠારવા, સાહ્યોછે શુભ પક્ષ;
અમે તો હિમાયતી એહના, લાગ્યો નિશદિન લક્ષ;
સાંભળ સુંદરી ૨૭

પિટશે છાતી પ્રતિપક્ષિઓ, સત્ય કમળાની વાણ,
મુખભંગા થઇ શ્રીહત થશે, પરિણામે પ્રમાણ,
સાંભળ સુંદરી. ૨૮

આજથી તારે અંતરે, દુઃખ ધરિશ ન લેશ;
તારા શત્રૂઓ તમામને, પહોંચાડિશ પેશ.
સાંભળ સુંદરી. ૨૯

દાસ મારો મારા બળવડે, નિજ ગુણ બળ નેટ;
શોધી શોધી તારા શત્રુને, ચાંપશે પગ હેઠ.
સાંભળ સુંદરી. ૩૦

એવું કહી ઊર ચાંપિને, આપે થઇ જયાં અલોપ
મા, મા, કહી જાગિ ઝબકિને, જમનાં ત્યાં સચોપ.
સાંભળ સુંદરી. ૩૧

દોહરા.

વિશેષ વિસ્મય થઇ વળી, જમનાં મનમોંઝાર;
હૃદય સ્વભાવિક હુરખતું, એતક અપરંપાર. ૧
શોચ તથા સંકોચ તજિ, તનથી તે દિનથીજ;
સુખે રહેછે સદનમાં, હૃદય ધરી બહુ રીઝ. ૨
રમા આવિ વિષ્ણુ કને, પ્રેમઝુમ કરતિ વિશેષ;
સમાચાર સ્હેજે કહ્યા, બધા વરણવી બેશ. ૩
કૃપાળ કમળાને કહે, પ્રિયામાણ શુણ વાણ;

વીરક્ષેત્ર વડોદરે, પ્રેમે કરૂં પરિયાણ. ૪
કારણ ગોકળ ગુણહિણો, ફરી પરણવા માટ;
આજ્ઞા લેવાને ગયો, ઘડિને અઘટિત ઘાટ. ૫
બાવન મહાલનો ધણી, બહુધા બાવનવીર;
ગાયકવાડ ગુર્જર ધણી, પ્રવીણ ભૂપ સધીર. ૬
ગોબ્રાહ્મણ પ્રતિપાળ નૃપ, પૂર્વજ જેના પ્રાય;
તેમાં કુળદીપક ઘણા, **મલ્લાવરાવ** સદાય. ૭
અઘટિત આજ્ઞા નહિ દિયે, મહિપ મહા મતિવંત;
મને ભરોંસો હૃદયમાં, પ્રુજભકતનો અનંત. ૮
તોપણ જઊંછું તારૂણી, દરશન દેવા આજ;
એક પંથ મળતાં વળી, કરિ આવું બે કાજ. ૯

વિષ્ણુનું ભૂલોકમાં ઉતરી વડોદરે આવવું, વડોદરાની શોભા, મહારાજા મલ્લારાવની સાહ્યબી વિગેરેનું ટુંક વરણન.

એમ કહી એ અવસરે, ગરૂડ ચઢી ગોપાલ,
આવ્યા અતી ઉતાવળા, ભુલોકમાં તતકાલ. ૧૦
પેઠા પ્રભુ પછિ પુરવિષે, જોતા જોતા જાય,
ઉતરિ આવિ અમરાપુરી, શ્હેર એવું શોભાય. ૧૧

વાણું અઢાર સુવાસમાં, સુખથી રહે સદાય,
હરનિશ હરિકિર્તન કરે, કષ્ટ ન પડે કદાય. ૧૨
મહારાજ રાજનતણો, મહિપતિ **મલ્હાવરાવ**
શ્રીમંત ગાયકવાડનો, ભગવત ઊપર ભાવ. ૧૩
ગુણગાણ ગાતા ગુણિજનો, **મલ્હાવરાવ** તાણાજ,
ઘેર ઘેર આનંદથી, ગુણભંડાર ઘણાજ. ૧૪
ઝુલે જેમને આંગણે, મદ ઝરતા માતંગ,
ઐરાવત સમ ઇંદ્રના, સુભગ સઘન ઘનરંગ. ૧૫
અતિ સુંદર અંબાડિયો, સુવાર્ણની શોભાય;
જોતાં સચરઅચરતણાં, મન અતિશય મોહાય. ૧૬
હયશાળે હય હણહણે, પવનવેગિ પરમાણ,
નહી પાર ગણતાં કદી, પામે કો નિરવાણ. ૧૭
શયનભુવન **સરકારનું**, શું વરણવું સુજાણ;
મણી જડિત ભીંતો ભલી, જાણે ઊગ્યો ભાણ. ૧૮
શકે ઇંદ્રનંદનવિપિન, મોતિબાગસમ હોય,
ભાન થાય એ ભાંતિએ, સુણો સજન સહુ કોય. ૧૯
શાવ સુવર્ણપલંગ શુભ, પ્રેમે પોઢણકાજ,
રાય ત્યહાં રણપંકડો, પોઢયોછે સુખસાજ. ૨૦
શું કહું કાંતિ **સરકારની**, વિગણઅંશિ રણધીર;
ઘણો શુરો **ગુર્જરધણી**, બહુધા બાવનવીર. ૨૧

આવ્યા અખિલ ભુવનપતી, તેજોમય તે ઠામ;
જગાડિ **મલ્હાવરાવને**, કહિ ઝટ વાત તમામ. ૨૨
અતિ ઘણિ આશિષ દેઈને, વરદ હસ્ત ધરિ શીશ;
પ્રધાન બુદ્ધિનિધાન જે, મળ્યો તને કહે ઇશ. ૨૩

"દુનિયાના દુખિ જનતણી, કરવા સુખ સુણિ દાદ;"
"ધર્યું નામ **દાદાભઈ**, સાર્થક કર્યું તજી વાદ." ૨૪

"દુખ દરશાવી દેશિનાં, સુખ કરાવ્યું સરકાર;"
"હિમાયતી હિંદૂતણો, પ્રતિમા પરોપકાર." ૨૫
"મળવો દુર્લભ મંત્રિ એ, મહિપતિ **મલ્હાવરાવ**;"
"રાજ સુધરશે આજથી, બેઠા જુઓ બનાવ." ૨૬
"છો બકવા છાપાં કરે, ઠગશો નહિં દિલમાંય;"
"પ્રજા પાળજો પ્રીતથી, નિર્મળ આપી ન્યાય." ૨૭
"દુષ્ટોને દઈ દંડ ખુબ, સજ્જનને કરિ સૂખ;"
"સુખ નિવૃતિમાં રહો સદા, વળતી કોણ વિમુખ." ૨૮
"ગુણહિણ ગોકળદાસ છે, નવિ પરણે તે નાર;"
"અટકાવજો અવનિપતી, ભવમાં વધશે ભાર." ૨૯
અલોપ એમ કહી થયા, ખગ બેઠો આકાશ;
ક્ષિરસાગર પોંચ્યા પ્રભુ, દુખિયાં દુખ કરિ નાશ. ૩૦
પૃથ્વીપતિ પ્રાતઃસમે, ઉઠ્યા એમ કહે દાસ;
દાદાભાઈ દીવાનને, તેડાવ્યા નિજ પાસ. ૩૧

વાત કહી વિસ્તારિને, સ્વપ્ન સ્મરણ કરિ સ્હેજ;
દાદાભાઈ દિવાન તવ, વાત ઉચરીયા તેજ. ૩૨
"ગુણહિણ ગોકળદાસ તે, આવ્યો છે અહિં આજ;
"વરવા એક છતાં બિજી, રજા માગવા કાજ. ૩૩
પૃથ્વીપતિ કહે પ્રેમથી, "અટકાવજો અધર્મ;"
"ફરિ ન કરે એવાં કદા, કર્મહિણા જન કર્મ." ૩૪
એમ કહી આપી રજા, **દાદાભાઈ** દિવાન;
આવ્યા નિજ થાનક વિષે, પ્રજાતણા પ્રિય પ્રાણ. ૩૫
જામિન લીધા જકડિને, બહુ વિધિ દઇ શીખ;
"બિજિ પરણિશ જો બાયડી, ભવમાં માગિશ ભીખ." ૩૬
ગુણહિણ ગોકળદાસજી, વિલે મુખે મન રોઈ,
રહ્યા પૂત લેવા જતાં, ખસમ આવિ જયમ ખોઇ. ૩૭
કરગરિને ઘણું એ કહ્યું, પણ સરવે થયું ફોક,
"સુંદરની શિખ માનિ રે, લાખ હસાવ્યા લોક. ૩૮
એમ કહી ચોફાળ લઇ, ઓઢી રોયો આપ;
વિધિ પ્રતિકુળ જાણી વળી, મૌઢ કરે પરિતાપ. ૩૯
"જ્યાં ત્યાંથી હાંકે સહુ, ઉલટા બાંધી હાથ;
એમ વિચારે બાપ ગોકુળ નિજ મન સાથ. ૪૦
ખબર થઇ આ વાતની "જકડી લિધ જામીન"
સુંદર આદિક સર્વનાં, મુખ તો થયાં મલીન. ૪૧

ધાર્યું ન થયું ધાટનું, થઈ અપકીર્તિ અધીર,
એજ નિરાશાથી ગયું, હૈયામાંનું હીર. ૪૨
અશક્ત બનિ બહુ અંગથી, લેવાયા તન છેક;
મૂળ વતન સંભાળિયું, સુંદરજી સવિવેક. ૪૩
કર્મહીણ કાકાનું તો, હતું શું જે કશું જાય,
દમડિ જાય તો દમ ગયો, જાણે મન વચ કાય. ૪૪
હવે સુણો જન હોંસથી, જમનાકેરા હાલ,
દુખિયારીના દુખતણું, વિખર્યું વાદળ હાલ. ૪૫
કરે વિચાર અનેક વિધ, મનમાં ને મનમાંય;
પ્રભુ પાસે માગે ક્ષમા, કપટ ન રાખો કાંય. ૪૬

રાગ રામગ્રી.

"વૈદર્ભિ વનમાં વલવલે"—એ ઢાળ.

"ભગવત ભયહર શ્રી હરી, દીનબંધુ દયાળ;"
"અકળ કળા છે આપની, જનના પ્રતિપાળ."
ભગવત. ૧

"દુખિયારી કરિ મને જેમણે, વિશ્વમાં વણવાંક;"
"બળજો આંતરડી એમની, બળતી બોલું હું રાંક."
ભગવત. ૪

"વન વન રઝળજો તેમનાં, [illegible] દેઉં છું શાપ;"
"જેમણે મુજને કરાવિયો[illegible] મન પરિતાપ"
ભગવત. ૫

"હરિ નવ બેસશો તે ઠગો, થજો કારમો કોપ;"
"અબળા દુભ્યાનું ફળ આપજો, ચિદાનંદ સચોપ."
ભગવત. ૬

"આ અવસર નથી માહરો, ધર્મ તાત ધીમાન;"
"લાયક લક્ષ્મીદાસ જે, સદગુણગુનિધાન."
ભગવત. ૭

"હોત તો સઘળા કષ્ટનો, લાવત નેટ નિસ્તાર;"
"પરદુખે દુખી પરમારથી, મને દ્રઢ આધાર."
ભગવત. ૮

"ઇશ્વર એમના વંશનો. વિશ્વે થાજો વિસ્તાર;"
"પાંચે શ્રી પરિપૂરણ હજો, જગમાં જયકાર."
ભગવત. ૯

દોહરા.

સુભગ સોરુયના સાલનો, બનિયો બીજો ભાગ;
રસિક જનો રાજી થશે, સુણિ વાંચિ સાનુરાગ. ૧
વિધિ પ્રતિકુળ જેને વડો, માત્ર તેનું મુખ ગ્લાન,
વૃતાંત આ સુણિ વાંચિ તે, ખિન્ન થશે નાદાન. ૨
કિંચિત કરૂણા કાળજે, અસર થશે મન તોજ,
નહિં તો બેસનિ પ ' જયમ, વ્યાસ ભાગવત રોજ. ૩
અહિંથિ તહિંથિ કા   ૫ઠું, વૃતાંત આનું વિશેષ.
બીજો ભાગ બનાવિરે.., ર. સાલનો બેશ. ૪

કવિતા સુણિ કોડામણી, રસિક થશે રળિયાત,
અંગારો ઉઠશે ઉરે, ઈર્ષાળુને અઘાત. ૫
અંબુજદળ આકાર મુખ, વાણી શિતલ વિચિત્ર,
ઉર કાતી મુળ કાપવા, એવા જે ઠગ મિત્ર. ૬
વળિ જે ખળ મૂસળ સમા, નમી પડીને પાય,
બહુ ધાન્ય મુખ ખંડતા, એ ઉદ્યોગ સદાય. ૭
ગુણ મુક્તાપર ના ગમે, પ્રિય અવગુણ ઉચ્ચાર,
એવી કાગ કરણિતણા, મિત્રો જે પ્રિયકાર. ૮
સુણી વખાણે શેઠજી, આ કવિતા સાનંદ,
એવું જોઇ મુખ જેહનું, મ્હા ઉદ્વેગે મંદ. ૯
અભ્યૂદય મારો રૂડો, તેજ જેતાણું માણ,
માત્ર દ્વેષથી જેહનું, વદન સઘન ઘન વાર્ણ. ૧૦
પ્રથમ વંદુ તેને પ્રિતે, પછિ સજ્જનને માય,
(કારણ) નિત્કર્મે પુછડું પ્રથમ, વળતિ વદન ધોવાય. ૧૦
હોય આવડત હાથમાં, ગુણની કરિ સરસાઇ,
અધિક આબરૂ મેળવે, એવી શુભ સજનાઇ. ૧૧
જિવન હરણ જગ જનતાણાં, જગમાં લીધો જન્મ,
નામ સાર્થક નિત કરે, ક્રોડ મર્મ કર્મ. ૧૨